RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર


# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 66, Dt.28-05-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દેશભરની હોસ્પિટલના બિલ એક સરખા કરવા કવાયત




## પારદર્શક સિસ્ટમથી દર્દીઓ અને વિમા કંપનીઓને ફાયદો થવાના સંકેતઃ કોરોના કાળમાં થયેલ લૂંટફાટના પગલે બીલ એક સમાન રાખવા તૈયારીઃ ભારતીય માનક બ્યુરો દ્વારા આ અંગે સુચનો મંગાવાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય માનક બ્યુરો (બીઆઇએસ) દ્વારા દેશની તમામ હોસ્પિટલોમાં બીલીંગ પ્રક્રિયાનું એક સમાન ધોરણ તૈયાર કરવા માંગે છે. જાણકારો કહે છે કે આ પગલાથી માત્ર દર્દીઓ નહીં પરંતુ હેલ્થ ઇન્સ્યોરન્સ કંપનીઓ, સરકારી એજન્સીઓને પણ લાભ થશે. બીઆઇએસએ આ અંગે સૂચનો માંગ્યા છે.

આ આયોજન સાથે જોડાયેલા એક અધિકારીએ જણાવ્યું હતું કે, તાજેતરમાં આ વિષય પર ચર્ચા કરવા મીટીંગ બોલાવવામાં આવી હતી. દરેક સંબંધીતોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. જનપ્રતિનિધિ સંસ્થા અને થીંક ટેન્ક પાસેથી હોસ્પિટલોની બીલીંગ પ્રક્રિયા, નિયમ, તેના ધોરણોના સ્ટાન્ડર્ડમાં શું શું ફર્ક લાવી શકાય તે અંગે સૂચનો લેવામાં આવ્યા હતા.

હાલ માત્ર ભલામણો માંગવામાં આવી રહી છે.આ બાદ નિર્ણય લેવાશે. ઉલ્લેખનીય છે કે બીઆઇએસ સેવા ક્ષેત્ર સાથે જોડાયેલી સંસ્થાઓ, સંગઠન અને અન્ય એકમો માટે ધારાધોરણો નકકી કરે છે.કોરોના કાળમાં પણ ખાનગી હોસ્પિટલોમાં એક જ પ્રકારની સારવારના ખુબ ઉંચા બીલ લેવાની ફરિયાદો આવી હતી. સોશ્યલ મીડિયા પર રોષ ઠલવાતો હતો. ડોકટરોએ ગુસ્સાનો સામનો કરવો પડયો હતો.

આથી હોસ્પિટલોની બીલીંગ સિસ્ટમ કોમન કરવાની જરૂરીયાત દેખાય છે. ખાનગી હોસ્પિટલોમાં ઉંચી ફી પર નિયમન લાવવામાં સરકાર સફળ ન થતા તાજેતરમાં આ મામલો સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો હતો. મોટા બીલીંગ તફાવત અંગે રાજયો સાથે ચર્ચા કરવા કહ્યું હતું. જાણકારો કહે છે કે આ એક આવકાર્ય આયોજન છે પરંતુ સંબંધીતો સાથે ચર્ચા કરીને જ નિર્ણય લેવો જોઇએ. તેનાથી પૂરી પ્રક્રિયા અને બીલીંગ સિસ્ટમ પારદર્શક થઇ શકશે. અમુક ખાનગી હોસ્પિટલોનું એવું કહેવું છે કે પૂરા ભારતમાં દરેક હોસ્પિટલ માટે સારવારના ફિકસ દર શકય નથી. સરકારી હોસ્પિટલને સરકાર પાસેથી મોટી સબસીડી મળે છે. ખાનગી હોસ્પિટલ આવી કોઇ સબસીડીના લાભાર્થી નથી. જુદા જુદા પ્રકારની સારવાર માટે કોમન દર વ્યવહારૂ નથી. અગાઉ પણ કેન્દ્રએ રાજયો માટે એક મૂલ્ય નિર્ધારણ રૂપરેખા તૈયાર કરી હતી. પરંતુ રાજયોએ આ મર્યાદા તૈયાર કરવી શકય નહીં હોવાનું કહ્યું હતું.

# દેશમાં ૩ થી ૪ દિવસમાં મેઘરાજાની પધરામણીઃ ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં સામાન્યથી વધુ વરસાદ રહેશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભીષણ ગરમી-હીટવેવનો સામનો કરી રહેલા ભારતમાં હવે ત્રણ-ચાર દિવસમાં ચોમાસાની એન્ટ્રી થઈ જવાનો નિર્દેશ હવામાનવિભાગે કર્યો છે. મોટાભાગના ક્ષેત્રોમાં સરેરાશ કરતા પણ વધુ વરસાદ થવાનો પુર્નોચ્ચાર કરવામાં આવ્યો છે. જો કે, ચોમાસા વચ્ચે પણ મે મહિનાની જેમ જુનમાં પણ તાપમાન ઉંચુ રહેવા સાથે આકરી ગરમી રહેવાની પણ ચેતવણી આપવામાં આવી છે.



પશ્ચિમ બંગાળમાં ત્રાટકેલા રેમલ વાવાઝોડાથી આ ક્ષેત્રમાં ચોમાસાની પ્રગતિ માટે સાનુકુળ અસર થશે પરંતુ સમગ્ર ચોમાસુ તેનાથી પ્રભાવિત થવાની સંભાવના નથી.

ભારતીય હવામાન વિભાગ દેશમાં સામાન્ય કરતા વધુ વરસાદ પડવાનું અનુમાન વ્યક્ત કર્યું છે. એ એમ પણ કહ્યું કે જમ્મુ કાશ્મીર, લદ્દાખ, ઉત્તરાખંડ, અને હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં સામાન્ય કરતા ઓછો વરસાદ પડવાના અણસાર છે. આઈએમડી ચીફ મૃત્યુંજય મહાપાત્રએ કહ્યું કે જૂનથી સપ્ટેમ્બર વચ્ચે દક્ષિણ પશ્ચિમ ચોમાસા હેઠળ સમગ્ર દેશમાં નોર્મલથી વધુ વરસાદ પડવાની શક્યતા છે.

તેમણે કહ્યું કે, આ ચાર મહિના દરમિયાન વરસાદ લોંગ ટર્મ એવરેજ નો ૧૦૬ ટકા થવાની શક્યતા છે.દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, પંજાબ, અને પશ્ચિમી ઉત્તર પ્રદેશ સહિત ઉત્તર ભારતમાં નોર્મલ વરસાદ પડે તેવા એંધાણ છે.

મહાપાત્રએ વધુમાં કહ્યું કે ભીષણ ગરમીથી તપી રહેલા દિલ્હી સહિત ઉત્તર પશ્ચમ ભારતના લોકોને ૩૦મી મે બાદ ભીષણ લૂથી રાહત મળી શકે છે. ઉત્તર પશ્ચિમ ભારતના ભાગોમાં ભીષણ લૂ ચાલે છે અને તે આગામી ૩ દિવસ સુધી ચાલુ રહી શકે છે. પરંતુ ૩૦મી મેથી તેની તીવ્રતા ધીરે ધીરે ઘટશે કારણ કે એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવી રહ્યું છે. તેમણે કહ્યું કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને અરબ સાગરમાં ભેજ આવવાના કારણે દેશના ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થવાના અને આ ઉપરાંત પશ્ચિમી હિમાલય ક્ષેત્રમાં વરસાદ પડવાની શક્યતા છે. જેનાથી લોકોને ગરમીથી રાહત મળી શકે છે.

જો કે મહાપાત્રએ એમ પણ કહ્યું કે, આ રાહત હંગામી હશે અને જૂનના મહિનામાં દિલ્હી, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ અને રાજસ્થાન સહિત ભારતના મોટાભાગના ભાગમાં મહત્તમ અને ન્યૂનતમ તાપમાન સામાન્ય કરતા વધુ રહેવાની આશંકા છે અને ઉકળાટ પણ વધશે. તેમના જણાવ્યાં મુજબ દક્ષિણી પ્રાયદ્વિપોના અનેક ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતા ઓછું રહે છે.

જ્યારે ઉત્તર પશ્ચિમના ઉત્તર ભાગ અને પૂર્વ તથા ઉત્તર પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં ન્યૂનતમ તાપમાન સામાન્યથી ઓછું રહી શકે છે. તેમણે એમ પણ કહ્યું કે જૂનમાં રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, ગુજરાતના કેટલાક ભાગોમાં તથા ઉત્તરી મધ્ય પ્રદેશ સહિત ઉત્તર પશ્ચિમ ભારતમાં સામાન્યથી વધુ દિવસો સુધી તેજ લૂ જોવા મળી શકે છે.

# ઠંડાપીણામાં સુગરની માત્રા નિર્ધારિત કરતો કાયદો અમલમાં આવશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પેકડ ખાદ્યપદાર્થો તથા ઠંડા પીણામાં સુગરના ઉંચા પ્રમાણથી લોકોના આરોગ્ય પર સર્જાતા ખતરાને ધ્યાને રાખીને દેશમાં પ્રથમ વખત હવે સુગરની માત્રા નિર્ધારીત કરતો કાયદો અમલમાં મુકવાના ચક્રો ગતિમાન થયા છે. આરોગ્ય મંત્રાલય હેઠળ કાર્યરત નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ન્યુફીશન દ્વારા પેકીંગમાં વેચાતી ખાદ્યચીજો તથા ઠંડા પીણા માટે સુગરની મર્યાદા નકકી કરવાની ભલામણ કરી છે. આ કદમથી લગભગ તમામ ઠંડા પીણા બ્રાંડ, જયુસ, કુકીંઝ, આઈસ્ક્રીમ, સહિતની ચીજોને અસર થશે.




ખાદ્ય પદાર્થો ઠંડા પીણામાં કેલેરીની માત્રાના નિયમના સ્થાને સુગર લેવલ નકકી કરવાની હિલચાલ છે.નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ન્યુટ્રીશન તથા આઈસીએમઆરની ડાયેટરી માર્ગદર્શિકા ૧૩ વર્ષ બાદ બદલશે. પૅકેજડ ફૂડ ઉદ્યોગમાં આ મામલે અત્યારથી જ ઉહાપોહ શરૂ થઈ ગયો છે અને નવી માર્ગદર્શીકા આવાસ્તવિક હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. સરકાર આ ભલામણો સ્વીકારીને લાગુ કરે તો મોટાભાગની ફૂડ તથા ઠંડા પીણાની બ્રાંડોએ પોતપોતાનાં ફોમ્યુર્લેશનમાં બદલાવ કરવો પડશે.

નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ન્યુટ્રીશનનાં અધિકારીએ કહ્યું કે દેશમાં પ્રથમવાર આ પ્રકારની માર્ગદર્શીકા ઘડવામાં આવી છે. વૈશ્વિક માપદંડો આધારીત છે. ભારતમાં અત્યાર સુધી કયારેય સરકારે સ્પષ્ટ વ્યાખ્યા ઘડી ન હતી.

# શહેરના નવા પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝાએ ચાર્જ સંભાળ્યો





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના TRP ગેમઝોનમાં લાગેલી આગથી જીવતા ભૂંજાય ગયેલા ૨૮ લોકોના મોત બાદ રાજ્ય સરકારે જવાબદાર અધિકારીઓ ઉપર તવાઈ ઉતારી છે તેમા રાજકોટ મહાનગરપાલિકા, માર્ગ મકાન વિભાગ, પોલીસ તંત્રના સાત કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે જ્યારે પોલીસ કમિશનર અને મ્યુનિસીપલ કમિશનર સહિતના ચાર સનદી અધિકારીની બદલી કરવામાં આવી છે. બદલી કરાયાના ગણત્રીના કલાકો બાદ જ રાજકોટના નવા પોલીસ કમિશનર બજેશકુમાર ઝા મોડી રાત્રીના રાજકોટ આવ્યા બાદ સવારે ચાર્જ સંભાળી લીધો હતો.

૧૯૯૯ની બેચના ઈંડજબ્રજેશકુમાર ઝા અમદાવાદ સેકટર-૨ ના સ્પેશ્યલ કમિશનર તરીકે ફરજ બજાવી રહ્યા છે અને તેઓ મોડી રાત્રે અમદાવાદનો ચાર્જ છોડીને રાજકોટ આવી પહોંચ્યા છે. સવારે રાજકોટના તત્કાલિન પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ પાસેથી ચાર્જ ગ્રહણ કરી લીધો હતો.

# અગ્નિકાંડના એક ભાગીદારને પોલીસે આબુ રોડ પરથી દબોચી લીધો

## ધવલ કોર્પોરેશનનો પ્રોપરાઈટર સગાને ત્યાં છુપાયો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર સહીત સમગ્ર રાજ્યમાં બનેલા ચકચારી ગેમ ઝોન અગ્નિકાંડ પ્રકરણમાં ત્રણ આરોપીની ધરપકડ કર્યા બાદ TRP ગેમ ઝોનના ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર એવા વધુ એક આરોપીને બનાસકાંઠા એલસીબીની મદદથી આબુ રોડ ઉપરથી ઝડપી લેવામાં આવ્યો છે.



પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ રાજકોટના ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં ૨૮ નિર્દોષ માનવ જિંદગીના મોતકાંડમાં સાપરાધ મનુષ્યવધ સહિતની કલમો હેઠળ તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધી પોલીસે આરોપીઓની ધરપકડની કાર્યવાહી શરૂ કરી છે તે દરમ્યાન સંચાલક યુવરાજ સોલંકી, મેનેજર નીતિન જૈન અને રાહુલ રાઠોડની ડીસીબી બ્રાન્ચે ધરપકડ કરી ૧૪ દિવસના રિમાન્ડ મેળવ્યા છે ત્યારે બીજી તરફ આ અગ્નિકાંડમાં સંડોવાયેલા ગેમ ઝોનના ભાગીદાર તેમજ ધવલ કોર્પોરેશનનો પ્રોપરાઈટર એવા ધવલ ભરતભાઈ ઠક્કરને બનાસકાંઠા એલસીબીએ ચોક્કસ બાતમીના આધારે આબુરોડ પર તેના સંબંધીને ત્યાં દરોડો પાડી ઝડપી લીધો હતો આ અંગે રાજકોટ પોલીસને જાણ કરતા એસીપી ક્રાઈમ બી બી બસિયાની સુચનાથી એક ટુકડી આરોપી ધવલનો કબજો લેવા બનાસકાંઠા દોડી ગઈ છે.

# હાઈકોર્ટે લાલ આંખ કરતા સરકાર એકશનમાં આવીઃ આઈપીએસ-આઈએએસ અધિકારીઓની બદલી

## રાજકોટના પોલીસ કમિશનર, જોઈન્ટ પોલીસ કમિશનર, ડીસીપી ઝોન-૨, મનપાના કમિશનર સહિતના અધિકારીઓને અગ્નિકાંડમાં જવાબદાર ઠેરવી બદલીઓ કરાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પર આવેલ ટીઆરપી ગેમઝોનમાં અગનખેલ ખેલાયો હતો જેમાં ૩૦થી વધુ લોકોના મોત થયા છે. આ મામલે ગુજરાત હાઈકોર્ટ દ્વારા આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ગુજરાત હાઈકોર્ટે સરકારનો ઉઘડો લીધો ગુજરાત હાઈકોર્ટે લાલ આંખ કર્યો બાદ રાજ્ય સરકાર એક્શનમાં આવી હતી જેમાં રાજકોટના મ્યુનિસિપલ કમિશનર, પોલીસ કમિશનર, જોઈના પી. કિમશનર અને ડીસીપી ઝોન- નીતાડીજે બદલો કરવામાં આવી છે.

મડથી કરાયેલા તમામ રાય અધિકારીઓને રિઝર્વમાં હાલ મુકવામાં આવ્યા છે. દર વખતની જેમ આ કાંડમાં પણ પણ રાજ્ય સરકાર હારા નાની માછલીઓને સસ્પેન્ડ કરી દીધી છે અને મગરમચ્છોની બદલી કરી કાર્યવહી કરી હોવાનો ડોળ હતભાગીઓના પરિવારસમલ કર્યું હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન રાજ્ય સરકારને કેટલાક વેધક સવાલો કરવામાં આવ્યા હતા. અને આ અકિંડમાં રાજકોટ મ્યુનિસિપલ કમિશનરને જવાબદાર કેમ ઠેરવવા નહીં તે અંગે સવાલો કરવામા આવ્યા હતાં જે બાદ નાચિાધીન રહેલી રાજ્ય સરકાર સફાળી જાગી હતી અને રાજકોટ મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની તાકીંડે ભદલી કરી રિઝર્વમાં મુકવામાં આવ્યા છે અને તેમના સ્થાને અમદાવાદ રંડાના સીઈઓ ડીપી દેસાઈની નિમણુંક રાજકોટ મ્યુનિસિપલ કમિશનર તરીકે કરવામાં આવી છે અને તાકીંદે ગાર્જ સંભાળી લેવા સુચના આપવામાં આવી છે. અધિકાંડ બાદ પોલીસ કમિશનર દ્વારા પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. જેમાં તેઓએ એક્શર કર્યો હતો કે સપર એનખોથી ન હોવા છતાં પોલીસની મંજુરીથી ગેમઝોન ચણાવવામાં આવતો હતો પોલીસ કમિશનરના આ નિવેદનની રાજ્યકક્ષાએ ગંભીર નોંધ લઈ આજે તાડીદે પોલીસ કમિશનર રાજુ ભાર્ગવની બદલી કરી દેવામાં આવી છે. તેઓને પણ રિઝર્વ ફોર્સમાં મુકવામાં આવ્યા છે. અને તેમના સ્થાને અમદાવાદ સેક્ટર-૨ના સ્પે. પોલીસ કમિશનર વિજેશ ઝાની રાજકીટ પોલીમ કમિશનર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. પોલીસ કમિશનરે અગ્નિકાંડની તપાસ પોલીસ કમિશનર વિધી ચૌધરીને સોંપી હતી તેમની પણ કરી રિઝવમાં મુકવામાં આળા છે. વિધી ચોપરીના સ્થાને કચ્છ રેન્જના જોઈન્ટ પોલીસ કમિશનર મહેન્દ્ર જગરિયાને પાર્જસોંપવામાં આવ્યો છે. ઉપરાંત ડીસીપી ઝોન-૨ સુધીર દેસાઈની પણ ભડલી કરી તેમને રિઝર્વમાં મુકાયા છે. તેમના સ્થાને વડોદરા મધ્યથજેલના સુપ્રિ. જગદીશ માંગરવાને ડીસીપી ઝોન-રની જવાબદારી સોંપાઈ છે. તમામને તાકીંદે પોતાનો ચાર્જ સંભાળી તેવા રાજ્ય સરકાર દ્વારા આદેશ આપવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત હાઈકોર્ટમાં આજે અધિકાંડ બાબતે ચુનાવણી હાથ ધરવામાં આવી હતી અને રાજ્ય સરકારને આ બંધે હાઈકોર્ટ દ્વારા આપવામા કેટલાક સવાલો કરવામાં આવ્યા હતાં જેમાં અધિકાંડ બાબતે રાજકોટ મ્યુનિસિલ કમિશનરને જવાબદાર ઠેરવ્યા હતા અને વ્યક્તિગત રીતે સોગંદનામુ રજૂ કરવા આદેશ આપવામાં આવ્યો હતો અને કહ્યું હતું કે, તમને સાથેન્ડ શા માટે કરવા જોઈએ કહી તેમજ ફાવર સેકટી ભાબતે પણરિપોર્ટ આપવા સુચના આપવામાં આવી હતી. ઉપરાંત રાજકોટ પોલીસ કમિશનરને પણ તીલીધ પુરે રિપોર્ટ આપવા તેમજ રાજકાટ મહાનગરપાલિકાના ફાયર ઓફિસરને પણ સોગંદનામું રજૂ કરવા સૂચના આપી હતી.

### આઈએએસ-આઈપીએસનું બદલીનું સ્થળ

| અધિકારી | હાલની જગ્યા | બદલીનું સ્થળ |
| --- | --- | --- |
| (૧) આનંદ બી. પટેલ | રાજકોટ મ્યુનિ. કમિ. | જીએસડીને હવાલે |
| (૨) ડી.પી. દેસાઈ | સીઈઓ, ઔડા અને સીઈઓ, ગોડા | રાજકોટ મ્યુનિ. કમિશનર |
| (૩) ભવ્ય વર્મા | મિશન ડિરે, સ્વચ્છ ભારત મિશન | વધારાનો ચાર્જ ઔડા, ગોડા |
| (૪) રાજુ ભાર્ગવ | રાજકોટ પોલીસ કમિ. | પોસ્ટિંગ વિહોણા |
| (૫) બ્રિજેશ કુમાર ઝા | સ્પે.પો.કમિ. સેકટર-૨, અમદાવાદ | પોલીસ કમિશનર રાજકોટ |
| (૬) કુ.વિધિ ચૌધરી | એડિ. પોલીસ કમિ. રાજકોટ | પોસ્ટિંગ વિહોણા |
| (૭) મહેન્દ્ર બગરિયા | ડેપ્યુટી આઈ.જી. કચ્છ-ભૂજ | એડિ. પોલીસ કમિ. રાજકોટ |
| (૮) ડો.સુધીરકુમાર દેસાઈ | ડીસીપી ઝોન-૨ રાજકોટ શહેર | પોસ્ટિંગ વિહોણા |
| (૯) જગદીશ બાંગરવા | સુપ્રિ. સેન્ટ્રલ જેલ વડોદરા | ડીસીપી, ઝોન-૨ રાજકોટ શહેર |

### સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓ

| અધિકારી | હોદ્દો વિભાગ |
| --- | --- |
| (૧) એમ.આર. સુમા | નાયબ કાર્યપાલક ઈજનેર વર્ગ-૨, રાજકોટ, માર્ગ-મકાન વિભાગ |
| (૨) પારસ એમ. કોઠીયા | નાયબ કાર્યપાલક ઈજનેર વર્ગ-૨, રાજકોટ, માર્ગ-મકાન વિભાગ |
| (૩) એન.આઈ. રાઠોડ | પોલીસ ઈન્સ્પેકટર (બિન હથિયારી) હાલ નોકરી ગાંધીધામ-૨ પોલીસ મથક |
| (૪) વી.આર. પટેલ | પોલીસ ઈન્સ્પેકટર (બિન હથિયારી) હાલ નોકરી રિડર શાખા, રાજકોટ |
| (૫) રોહિત વિગોરા | ફાયર બ્રિગેડ સ્ટેશન ઓફિસર, રાજકોટ |
| (૬) જયદીપ ચૌધરી | આસિ. એન્જિનિયર, ટાઉન પ્લાનિંગ શાખા, રાજકોટ મહાનગરપાલિકા |
| (૭) ગૌતમ ડી. જોષી | આસિ. ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનિંગ શાખા, રાજકોટ મહાનગરપાલિકા. |

# રાજકોટના ગેમઝોન અગ્નિકાંડમાં મૃત્યુ પામેલા મૃતકોને મોરબી કોંગ્રેસ સમિતિ દ્વારા શ્રદ્ધાંજલિ અપાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રાજકોટની ટીઆરપી ગેમઝોનમાં આગ લાગવાની ગોઝારી દુર્ઘટનામાં મૃત્યુ પામેલ મૃતકોને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

રાજકોટમાં ટીઆરપી ગેમઝોનમાં સર્જાયેલ આગની ગોઝારી દુર્ઘટનામાં આશરે ૪૨ લોકોના મૃત્યુ નિપજ્યા હતા. ત્યારે મોરબી જીલ્લા કોંગ્રેસના પ્રમુખ સહિતના કાર્યકર્તાઓ દ્વારા મોરબી દરબાર ગઢ નજીક ઝૂલતા પુલ એન્ટ્રી પાસે પહોંચી આગની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા તમામ દિવ્યાત્માઓને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.










# મોરબીના જૂની પીપળી ગામે પથરીની બીમારીના દુઃખાવાથી કંટાળી પ્રૌઢ મહિલાનો ગળાફાંસો

**મુખ્ય સમાચાર, મોરબી**

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકાના જૂની પીપળી ગામે રહેતા કૈલાશબેન વલ્લભભાઈ જેઠલોજા ઉવ.૫૨ એ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. જેમાં મૃતક કૈલાશબેનને ઘણા સમયથી શરીરમાં આવેલ કિડનીમાં થતો મહત્વનો રોગ એવો પથરીની બીમારી હતી. જે બીમારી સબબ કૈલાશબેને પથરીનું ઓપરેશન કરાવ્યું હોય ત્યારે મૃતક કૈલાશબેનને પથરીને કારણે અસહ્ય દુખાવો થતો હતો જે દુખાવાથી કંટાળી કૈલાશબેને પોતાની જાતે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા તેઓનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે બનાવની જાણ તાલુકા પોલીસને કરતા પોલીસે ઇન્કવેસ્ટ પંચનામું કરી મૃત્યુ અંગે અ.મોત રજી.કરી આગળની તપાસ ચલાવી છે.

# જામનગર ફૂડ શાખા દ્વારા અલગ-અલગ જગ્યાઓ પર દરોડા, વાસી ફૂડના જથ્થાનો નાશ કરાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ફૂડ શાખા દ્વારા અલગ-અલગ જગ્યાઓ પર દરોડા, વાસી ફૂડના જથ્થાનો નાશ કરાયો જામ્યુકોની ફૂડ શાખા દ્વારા ઉનાળાની ઋતુને અનુલક્ષી શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી મેંગો જયુસ,શેઇક સહિત ૨૪ ખાદ્ય પદાર્થના નમૂનાઓ લઇ પરીક્ષણ અર્થે વડોદરાની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. જયારે શહેરના જુદા જુદા વિસ્તારોમાં મંચુરીયન, બાફેલા બટેટા, ડ્રેગન પોટેટો વગેરે અખાદ્ય જણાતા જથ્થાનો નાશ પણ કરવામાં આવ્યો હતો.જામ્યુકોની ફુડ શાખા દ્વારા જુદા જુદા સ્થળેથી નમૂના લેવામાં આવ્યા હતા જેમાં લીમડા લાઇનમાં ધારેશ્વર ડેરી એન્ડ સ્વીટ પેલેસમાંથી કેરીનો રસ લૂઝ, દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૫૪માં શ્રી અંબિકા ડેરી પ્રોડક્સમાંથી કેરીનો રસ લૂઝ, જગદીશ પાન એન્ડ કોલ્ડ્રીંક્સ જી.જી.હોસ્પિટલ સામે માંથી મેંગો મિલ્ક શેઇક લૂઝ, રંગોલી શ્રી ક્રિષ્ના જ્યુસ એન્ડ ફાસ્ટફૂડ જી.જી.હોસ્પિટલ સામે માંથી મેંગો મિલ્ક શેઇક લૂઝ, ન્યુ નીલમ જ્યુસ એન્ડ લચ્છી ક્રિકેટ બંગલા રોડ.માંથી મેંગો મિલ્ક શેઇક નુરી જ્યુસ સેન્ટર એમ.પી.શાહ મેડીકલ કોલેજ સામે માંથી મેંગો જયુસ, રાજ ટી સ્ટોલ જી.જી.હોસ્પિટલ રોડ. માંથી મેંગો જયુસ, ઈશ્વર કોલ્ડ્રીંક્સ જી.જી.હોસ્પિટલ રોડ.માંથી મેંગો મિલ્ક શેઇક, બોમ્બે ફ્રુટ એન્ડ જયુસ જી.જી.હોસ્પિટલ સામે માંથી મેંગો મિલ્ક શેઇક,કિરીટ સ્વીટ એન્ડ ફરસાણ ૯/૧૫પટેલ કોલોની.માંથી કેરીનો રસ, જલારામ ખમણ રામેશ્વર ચોક માંથી કેરીનો રસ, કમલેશ ડેરી ૫૪ - દિગ્વિજય પ્લોટ માંથી કેરીનો રસ, શ્રી અંબિકા ડેરી ફાર્મ ૨૧ દિગ્વિજય પ્લોટ.માંથી મેંગો મિલ્ક શેઇક , શ્રી સદગુરુ ડેરી ફાર્મ ૨૪ દિગ્વિજય પ્લોટ માંથી મેગો મિલ્ક શેઇક, શ્રી લક્ષ્મી ફ્રૂટ્સ એન્ડ જયુસ જી.જી.હોસ્પિટલ સામે માંથી મેંગો મિલ્ક શેઇક, શ્રી અંબિકા સ્વીટ એન્ડ નમકીન શરૂ સેક્શન રોડ.કેરીનો રસ, નીલમ જ્યુસ એસ.ટી.સામે.માંથી મેંગો મિલ્ક શેઇક, બેમિસાલ ફ્રૂટ્સ સેન્ટર એસ.ટી.સામે.માંથી મેંગો મિલ્ક શેઇક, રામમંદિર શેક એન્ડ સ્નેકસ એસ.ટી.સામે માંથી મેંગો મિલ્ક શેઇક શિવસાગર જ્યુસ એન્ડ સ્નેક્સ જોલી બંગલો પાસે માંથી મેંગો મિલ્ક શેઇક , ગાંધી સોડા શોપ જોલી બંગલા પાસે માંથી મેંગો મિલ્ક શેઇક, કૃણાલ જ્યુસ એન્ડ સ્નેક્સ જોલી બંગલા પાસે મહેક જ્યુસ એન્ડ સ્નેક્સ જોલી બંગલો પાસે અને.શ્રી આશાપુરા જ્યુસ એન્ડ સીઝન સ્ટોર ૧૪ - દિથપ્લોટ માંથી મેંગો મિલ્ક શેઇકના નમૂનાઓ લેવાયા હતા.પીઝ્ઝા કીંગ સાધના કોલોની ને સાફ સફાઈ અને સ્વછતા જાળવવી, હાઇજેનિક કંડીશન મેન્ટેન કરવા સૂચના આપવામાં આવી હતી. ધ સ્નેક ચેટ માંથી ૫૦૦ ગ્રામ બોઈલ બટેટા, ડી.ડી.એસ.કિચન પાર્સલ પોઈન્ટ ૧ કિલો રાઇસ , ૫૦૦ ગ્રામ બટેટા તેમજ વિલિયમ્સ ઝોન પીઝ્ઝા ગ્રીન સીટી માંથી ૨ કિલો બોઈલ બટેટા , ૧ કિલો બ્રેડ,૫૦૦ ગ્રામ ચણા , ૧ કિલો બોઈલ મકાઈ,૫૦૦ ગ્રામ રાઇસ અનહાઇજેનિક કંડીશન મા જણાતા નાશ કરાવવામાં આવ્યો હતો. શિવમ ફૂડ રણજીતસાગર રોડ માંથી ૨ કિલો મંચુરિયન,૧ કિલો ભાત, ૨ કિલો ગ્રેવી,૫૦૦ ગ્રામ ડ્રેગન પોટેટો નાશ કરાવવામાં આવ્યો હતો.જે.ડી. ફાસ્ટફૂડ રણજીતસાગર રોડ માંથી ૧૫ કિલો સોસ લેબલ વગરનો જણાતા નાશ કરાવાયો હતો.ભોલેનાથ જ્યુસ સેન્ટર ખોડીયાર કોલોની ૧૦ લીટર કલરવાળી ચાસણી મળી આવતા નાશ કરાયો હતો. બેઠક રેસ્ટોરન્ટ અને અજંતા નાસ્તા ભુવન અનુપમ ટોકીઝ પાસે.પણ ચેકીંગ કરાયુ હતુ.









# જામનગર ક્રિકેટનો સટ્ટો રમતો શખ્સ ઝડપાયો


**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના કુકડા કેન્દ્ર પાસે આઈપીએલની ક્રિકેટ મેચના ફાઈનલમાં વિકેટ, રનફેર વગેરેનો સોદો કરી રહેલા એક શખ્સને પોલીસે પકડી લીધો છે. તેણે કપાત લેતાં બુકીનું નામ આપ્યું છે.જામનગરના સરૂ સેક્શન રોડ પર આવેલા ધરારનગર-૧ નજીક કુકડા કેન્દ્ર પાસે એક શખ્સ ક્રિકેટનો સટ્ટો રમતો હોવાની બાતમી મળતા સિટી બી ડિવિઝનના સર્વેલન્સ સ્ટાફે પીઆઈ પી.પી. ઝાની સૂચનાથી દરોડો પાડ્યો હતો.તે સ્થળે આઈપીએલની મેચના ફાઈનલ પર રનફેર, વિકેટ સહિતનો સોદો કરી રહેલા ઈમ્તિયાઝ બશીર જોખીયાને ઝડપી લેવાયો હતો. આ શખ્સ પોતાના મોબાઈલમાં ક્રિકેટનું પ્રસારણ નિહાળી જુગાર રમતો હતો. પોલીસે તેનો મોબાઈલ તથા રોકડ મળી ૨૮,૪૦૦નો મુદ્દામાલ કબજે કરાયો છે. આ શખ્સે પોતાની પાસેથી કપાત લેતાં ગોકુલનગરવાળા દિગુભા જાડેજાનું નામ આપ્યું છે.



# જામનગર મહાનગરપાલિકા અને પોલીસે સંયુક્ત રીતે કામગીરી હાથ ધરી તળાવની પાળે દબાણો દૂર કર્યા








**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં મહાપાલિકાની એસ્ટેટ શાખા અને ટ્રાફિક પોલીસ દ્વારા સંયૂકત કાર્યવાહી હાથ ધરી રવિવારે મોડીસાંજે તળાવની પાળ ફરતે દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.જેમાં માર્ગ પર ટેબલ, ખુરશીઓ, રેંકડી, પથારા વગેરે દુર કરવામાં આવ્યા હતા.જ્યારે જુની આરટીઓ કચેરી પાસેના મનોરંજન માટેના સાધનોવાળાઓને પણ દૂર ખસેડવામાં આવ્યા હતાં જામનગરમાં તળાવની પાળ પર એસ્ટેટ શાખા અને ટ્રાફિક પોલીસ દ્વારા રવિવારે મોડીસાંજે સંયુક્ત રીતે દબાણહટાવ ઝુંબેશ હાથ ધરી હતી અને કેટલાક ધંધાર્થીઓ દ્વારા જાહેર રોડ ઉપર ટેબલ-ખુરશી પાથરીને જાહેર માર્ગ દબાણ કરી ધંધો કરતા હોવાથી આવા તમામ દબાણો દૂર કર્યા હતાં અને જેમાં લગભગ ૫૦ જેટલા ટેબલ-ખુરશીઓ પણ ખુરશી જપ્ત કરાઇ હતી. જે સાથે અન્ય તમામ ધંધાર્થી-દુકાનદારોને રોડ પર કોઇપણ માચડો નહીં રાખવા કડક સૂચના આપવામાં આવી હતી.જે સાથે રેંકડી-કેબિનો દૂર ખસેડવામાં આવ્યા હતાં અને જુની આર.ટી.ઓ. કચેરી પાસે મનોરંજન સાધનો ખડકી દેવાયા હોવાનું ધ્યાને આવતા તમામ ધંધાર્થીને પણ ત્યાંથી દૂર ખસેડવામાં આવ્યા હતાં. એક તબકકે સમગ્ર તળાવની પાળ વિસ્તાર સાફ-સુથરો અને ચોખ્ખો ચણક અને દબાણ મુક્ત કરવામાં આવતા લોકો પણ ખુશ થયા હતાં.

# મોરબીના જેતપર(મચ્છુ) ગામે તીક્ષ્ણ હથિયારના ઘા મારી આધેડની હત્યા

## પાડોશી વચ્ચે થયેલ સામાન્ય બાબતના ઝઘડાનો ખાર રાખી થયેલા હુમલામાં આધેડનું સારવાર દરમિયાન મૃત્યુ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના જેતપર(મચ્છુ) ગામે પાડોશમાં રહેતા શખ્સે રાત્રીના ભાગે પાડોશીના ઘરનો દરવાજો ખખડાવ્યાની રાવ લઇ મૃતકની પત્ની તથા પુત્રવધુ પાડોશી પાસે ગયા હોય જે બાબતનો ખાર રાખી બપોરના ભાગે આધેડ ઘર પાસે એકલા હોય ત્યારે પાડોશીએ આવી આધેડને તીક્ષ્ણ હથિયારના માથામાં તથા શરીરે આડેધડ ઘા મારતા જે હુમલામાં ગંભીર રીતે ઘવાયેલ આધેડનું સારવાર દરમિયાન રાજકોટ ખાતે મૃત્યુ નિપજયુ હતું. ત્યારે સમગ્ર હત્યાના બનાવમાં મૃતકના પુત્રની ફરિયાદના આધારે પાડોશી એવા હત્યારા વિરુદ્ધ ૩૦૨ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી હત્યારાને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

મોરબી તાલુકાના જેતપર(મચ્છુ) ગામે જીઇબી પાવરહાઉસ સામે રહેતા અરવિંદભાઈ ચંદુભાઈ આઘારીયાએ મોરબી તાલુકા પોલીસ મથકમાં આરોપી મયુરભાઈ હરખાભાઇ માલણીયાત રહે.જેતપર(મચ્છુ) વિરુદ્ધ ફરિયાદીના પિતાને માથામાં તથા શરીરે તીક્ષ્ણ હથિયારના ઘા મારતા તેઓનું સારવાર દરમિયાન મોત નિપજ્યા અંગે પોલીસે આરોપી વિરુદ્ધ આઇપીસીની હત્યા સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની અટકાયત સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

સમગ્ર હત્યાના બનાવની ટૂંક વિગત મુજબ જેતપર ગામે રહેતા ફરિયાદી અરવિંદભાઈની પત્ની તથા માતા ગઈકાલે તા. ૨૭/૦૫ ના રોજ તેમની પાડોશમાં રહેતા હત્યારા આરોપી મયૂરભાઈના ઘરે આરોપીની રાવ કરવા ગયા હતા કે તા.૨૬/૦૫ની રાત્રીએ આરોપી મયૂરભાઈએ ફરિયાદી અરવિંદભાઈનો ઘરનો દરવાજો કેમ ખખડાવ્યો હતો જેથી આરોપીની પત્ની અને માતા સાથે સામાન્ય બોલાચાલી ઝઘડો થયો હતો જે ઝઘડાનો ખાર રાખી આરોપી મયૂરભાઈએ બપોરના સમયે ફરિયાદીના પિતા ચંદુભાઈ અઘારીયા ઘર પાસે એકલા હોય ત્યારે આરોપી મયૂરભાઈએ ચંદુભાઈ ઉપર તીક્ષ્ણ હથિયારના આડેધડ ઘા મારી હુમલો કરી મયુરભાઈ ત્યાંથી ચાલ્યો ગયો હતો.

હુમલાના બનાવમાં ચંદુભાઈને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા પ્રથમ તેઇને જેતપર સરકારી હોસ્પિટલમાં સારવારમાં ખસેડાયા હતા જ્યાંથી વધુ સારવારમાં મોરબી બાદ રાજકોટ રીફર કરાયા હતા જ્યાં ટૂંકી સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ચંદુભાઇએ થયેલ ગંભીર ઇજાઓને કારણે દમ તોડ્યો હતો ત્યારે બનાવ અંગે મૃતકના પુત્ર દ્વારા ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યારા આરોપી સામે ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી આરોપીની અટકાયત કરવા તપાસના ચાજરો ગતિમાન કર્યા છે.

# જામનગર ટ્રાન્સપોર્ટની ઓફિસમાં જામેલી જુગારની મહેફિલ પર દરોડો નવ પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સુભાષબ્રિજ નીચે એક ટ્રાન્સપોર્ટમાં એલસીબીએ દરોડો પાડતા ત્યાં નાલ ઉઘરાવી જુગાર રમાડતા ટ્રાન્સપોર્ટ માલિક અને જુગાર રમતા આઠ શખ્સ રૂ. ૮૬૫૮૫૦ના મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા છે. કાલાવડના કાશ્મીરપરામાંથી સાત શખ્સ તીનપત્તી રમતા મળી આવ્યા છે. ખોજાનાકા પાસેથી એકીબેકી બોલી જુગાર રમતા ચારને પકડી લેવાયા છે.





જામનગરના સુભાષબ્રિજ નીચે આવેલા નદીના પટ નજીક ટ્રાન્સપોર્ટની એક ઓફિસમાં જુગાર રમાતો હોવાની બાતમી એલસીબીના અરજણભાઈ, કિશોર પરમાર, કલ્પેશ મૈયડ, ધર્મેન્દ્રસિંહને મળતા ઈન્ચાર્જ પીઆઈ બી.એન. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર.કે. કરમટા, પી.એન. મોરીના વડપણ હેઠળ એલસીબી સ્ટાફે ત્યાં આવેલી જગદીશભાઈ લાંબાની ગઢવી ટ્રાન્સપોર્ટ નામની ઓફિસમાં દરોડો પાડ્યો હતો.ત્યાં નાલ ઉઘરાવી જુગાર રમાડતા જગદીશ લાભુભાઈ લાંબા, નાલ આપી જુગાર રમતા રમેશ લાભુભાઈ લાંબા, ફારૂક હુસેન ઓડીયા, સંતોષ બિહારીલાલ પરીયાણી, સુભાષ લીલારામ ચાવલીયા, જાવેદ આમદ પીંજારા, મનોજ રાજપાલ ખેતવાણી, જેઠાનંદ ધનુમલ આલવાણી, ફિરોઝ હારૂન ઓડીયા નામના આઠ શખ્સ મળી આવ્યા હતા. એલસીબીએ પટમાંથી રોકડ, આઠ મોબાઈલ, પાંચ બાઈક, એક મોટર મળી કુલ રૂ. ૮,૬૫,૮૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. તમામ સામે જુગારધારાની કલમ ૪, ૫ હેઠળ ગુન્હો નોંધાયો છે.કાલાવડના કાશ્મીરપરામાં જાહેરમાં તીનપત્તી રમતા મનસુખભાઈ લાખાભાઈ પરમાર, વિપુલ દેવદાસ રાઠોડ, દિનેશ ચનાભાઈ ગોહેલ, આદમ જુસબ શેખ, સદામ સલીમ ચાચીયા, અશોક નાથાભાઈ બારીયા, મુકેશ બચુભાઈ પરમાર નામના સાત શખ્સ પોલીસના દરોડામાં ઝડપાઈ ગયા હતા. પટમાંથી રૂ. ૧૩૩૭૦ કબજે કરવામાં આવ્યા છે.જામનગરના ખોજાનાકા વિસ્તારમાં આવેલી હાજીપીરની દરગાહ પાસે જાહેરમાં ઉભા રહી ચલણી નોટના નંબર પર એકીબેકી બોલી જુગાર રમતા શબ્બીર ગુલામ ખેરાણી, સાદીક ઉમર રીંગણિયા, એજાઝ અલારખા ઉનડ તથા સહેબાદખાન મોહમ્મદખાન પઠાણ નામના શખ્સોને પોલીસે પકડી પાડ્યા છે. રૂ. ૨૭૫૦ રોકડા કબજે કરાયા છે.

# મોરબી જીલ્લા પોલીસના અલગ અલગ ત્રણ દરોડામાં વર્લી ફીચર્સ તથા તીનપત્તીનો જુગાર રમતા ચાર પકડાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા પોલીસ દ્વારા અલગ અલગ સ્થળોએ જુગારના ત્રણ દરોડામાં કુલ ચાર જુગારીને ઝડપી લેવામાં આવ્યા છે. જેમાં વાંકાનેર તાલુકાના માટેલ રોડ ઉપરના બે દરોડામાં વર્લી ફિચર્સના આંકડા રમતા કુલ બે ઈસમોને ઝડપી લેવાયા હતા જયારે મોરબીના ડાયમંડનગર ગામથી તીનપત્તીનો જુગાર રમતા બે શખ્સોને પકડી લઇ કુલ રૂ.૨,૨૨૦/-ના મુદામાલ સાથે કુલ ચાર આરોપીઓની અટકાયત કરી છે.

જુગારના પ્રથમ દરોડાની મળતી માહિતી અનુસાર વાંકાનેર તાલુકાના માટેલ ગામ નજીક આવેલ અમરધામ પાસે જાહેરમાં વર્લી ફિચર્સના આંકડાઓનો જુગાર રમતા બળદેવભાઈ ખોડાભાઈ દેગામ ઉવ.૩૫ રહે. નવા ઢૂવા ગામ તા.વાંકાનેરને ઝડપી લેવાયો હતો પોલીસે આરોપી પાસેથી વર્લીના આકડાનો જુગાર રમવાના સાહિત્ય સહીત રોકડા રૂ.૪૭૦/--ના મુદામાલ કબ્જે લઇ તેની વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

જયારે બીજા દરોડામાં વાંકાનેર તાલુકાના માટેલ રોડ ઉપર આવેલ દ્વારકાધીશ હોટલ પાસે વર્લી મટકાના આંકડાનો નસીબ આધારિત પૈસાની હારજીતનો જાહેરમાં જુગાર રમી રહેલા બાબુભાઇ ઉર્ફે રાજવીર જાદવજીભાઈ લીલપરા ઉવ.૨૦ રહે.હાલ માટેલ રોડ દ્વારકાધીશ હોટલ પાછળ મૂળરહે. હળવદ તાલુકાના સુંદરગઢ ગામને વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા ઝડપી લઇ રોકડા રૂ.૫૫૦/- તથા વર્લી ફિચર્સના જુગાર રમવાના સાહિત્ય સહિતનો મુદામાલ જપ્ત કર્યો હતો. હાલ પોલીસે પકડેલ આરોપી વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ત્રીજા જુગારના દરોડામાં મોરબી તાલુકાના ડાયમંડનગર ખાતે મોરબી તાલુકા પોલીસે દરોડો પડી સ્ટ્રીટ લાઇટના અજવાળે જાહેરમાં ગંજીપત્તા વડે તીનપત્તીનો જુગાર રમતા વિશાલભાઇ હરીશભાઇ ઝાલા ઉવ.૨૯ તથા અક્ષયચંન્દ્ર સુરેશભાઇ પાંચોટીયા ઉવ.૨૬ બંને રહે. ડાયમંડનગર તા.જી.મોરબીને રંગેહાથ ઝડપી લેવાયા છે. પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૧,૨૦૦/- કબ્જે લઇ બંને આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢમાં નકલી એએસઆઈ બની ફરી રહેલાં યુવકની અટકાયત કરતી પોલીસ

## પીજી હોસ્ટેલમાં રહી કોલેજમાં અભ્યાસ કરતો'તો, ધરપકડ કર્યા બાદ પોલીસ મથકે લઈ જવામાં આવ્યો

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢમાંથી પોલીસે નકલી એએસઆઇને ઝડપી લઇ તપાસ હાથ ધરી હતી. સી ડિવિઝનના પીએસઆઇ આર. પી. વણઝારાનાં માર્ગદર્શનમાં તેમનો ગુન્હા શોધક શાખાનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન શહેરમાં ગાંધીગ્રામ ખાતે આવેલ સિદ્ધિવિનાયક હોસ્ટેલ પાસે એક શખ્સ પોલીસની વર્દીમાં આંટાફેરા મારે છે અને પોતે પોલીસ ખાતામાં કોઈપણ નોકરી કરતો નથી એવી બાતમી મળતા પોલીસે સિદ્ધિ વિનાયક બોયઝ હોસ્ટેલ પાસે ધસી જઈ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના મંડોર ગામનો યુવરાજ રામશીભાઈ જાદવ ઉ. વ. ૨૦ નામના યુવકને ઝડપી લીધો હતો. હાલ સિદ્ધિવિનાયક પીજી હોસ્ટેલમાં રહેતો અને કોલેજમાં અભ્યાસ કરતો યુવરાજ જાદવની પૂછપરછ કરતા



તેની પાસે પોલીસ રાજ્યસેવકનો હોદ્દો ન હોય તેમ છતાં ખોટી રીતે પોલીસ ડિપાર્ટમેન્ટમાં એએસઆઈના હોદ્દા ઉપર હોવાનો દેખાવ કરવા પોલીસ યુનિફોર્મ પહેરી અને એએસઆઇ તરીકેનું ખોટું નામ ધારણ કરી રોફ જમાવતો હોવાનું સામે આવ્યું હતું. આથી યુવરાજની ધરપકડ કરી તેના વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ગીર સોમનાથનાં યુવરાજે પોલીસ વર્દી પહેરી તેણે ગેર પ્રવૃતિ કરી હોય એવું હજુ ધ્યાને આવ્યું નથી આમ છતાં કોઈ સાથે છેતરપિંડી તો નથી કરીને તે દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું ડીવાયએસપી હિતેશ ધાંધલ્યાએ જણાવ્યું હતું.

આરોપી યુવરાજે જ્યાંથી યુનિફોર્મ સિવડાવ્યો છે તે દરજીની પૂછપરછ કરવામાં આવશે અને પોલીસ આઈ કાર્ડ ન હોવા છતાં પણ કેવા સંજોગોમાં યુનિફોર્મ સિવડાવી આપ્યો તે અંગે ટેલરને નોટિસ પણ આપવામાં આવશે. હાલ આરોપી સ્પર્ધાત્મક પરીક્ષા અને પોલીસની તૈયારી કરી રહ્યો હોય રેગ્યુલર રનીંગમાં જાય છે. જુનાગઢમાં ૩ વર્ષથી સ્ટડી કરે છે. ૧૫ દિવસ પહેલા પોલીસ યુનિફોર્મ પહેરી ત્યાં પોતાની તસ્વીરો સોશિયલ મીડિયામાં અપલોડ કરી હતી. હિતેશ ધાંધલ્યા, ડીવાયએસપી

નકલી એએસઆઈ બની રોફ જમાવતા ઝડપાયેલ યુવરાજ જાદવની પોલીસ પૂછપરછમાં ખુલ્યું હતું કે, પોલીસની પરીક્ષા આપી હતી પરંતુ તેમાં નાપાસ થયો હતો. હાલ ફોરેસ્ટની એક્ઝામ આપેલી, પરંતુ તેનું રિઝલ્ટ પેન્ડિંગ છે. આમ કરવાનું મુખ્ય કારણ પોતાને વર્દીનો શોખ હોય, પોલીસ બનવા માંગતો હોય પરીક્ષામાં ફેઇલ થતાં યુનિફોર્મ બનાવી એક મહિનાથી પોલીસ તરીકે ઓળખ આપતો ફરતો હતો.

જૂનાગઢના ગાંધીગ્રામમાંથી રવિવારે નકલી એએસઆઇ પકડાયો એ પહેલા ૫ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ જૂનાગઢ તાલુકા પોલીસે જીજે-૧૧-એસ-૬૬૩૧ નંબરની એમએલએ ગુજરાત લખેલી કારમાં મંત્રી પરષોત્તમભાઈ સોલંકીનો નકલી પીએ ટીંબાવાડી વિસ્તારમાં રહેતો રાજેશ જયંતીભાઈ જાદવને ઝડપી લીધો હતો. આ શખ્સે સમૂહ લગ્નનું આયોજન કરી ટોકન ફી લઇ લોકો સાથે છેતરપિંડી આચરી હતી. મંત્રીના નકલી પીએ પકડાયા બાદ જૂનાગઢમાં રાણાવાવ ચોક પાસેથી ક્રાઈમ બ્રાન્ચે ૧૨ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ નકલી ડીવાયએસપી વિનીત બંસીલાલ દવેને ઝડપી પાડ્યો હતો. તપાસમાં આ શખ્સે બેરોજગાર યુવક, યુવતીઓને નોકરીની લાલચ આપી રૂપિયા ૨.૧૧ કરોડ ખંખેર્યા હોવાનું ખુલ્યું હતું. અને હવે નકલી એએસઆઈ ચકચાર મચી ગઈ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ટીપીઓ સાગઠિયા પાસેથી ચાર્જ છીનવી લેતી સરકાર

## અત્યાર સુધી ઈન્ચાર્જ હતા કાયમી હોદ્દો મળ્યાના એકજ વર્ષમાં પસ્તાળ રૂડાના ટાઉન પ્લાનર પંડ્યાને મનપા ટીપીઓની જવાબદારી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી અગ્નિકાંડમાં સરકારે છ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા ત્યારબાદ વધુ એક અધિકારીને સસ્પેન્ડ કર્યા. બાદમાં આઈપીએસની બદલી અને પછી આઈએએસની બદલી કરીને ધડાધડ નિર્ણય લીધા અને અચાનક રાત્રે શહેરી વિકાસ વિભાગે વધુ એક આદેશ કરીને ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ. ડી. સાગઠિયા પાસે રહેલો ચાર્જ આંચકી લીધો છે. સાગઠિયા ઘણા સમયથી ઈન્ચાર્જ ટીપીઓ હતા. મનપાએ ભરતી જાહેર કરતા તેઓને એક વર્ષ પહેલા જ કાયમી ટાઉન પ્લાનિંગ ઓફિસરનો હોદ્દો અપાયો હતો. ટીઆરપી અગ્નિકાડમાં તેઓએ નિવેદન આપ્યું હતુ કે, ત્યાં કાયમી બાંધકામ ન હતુ એટલે તેમની મંજૂરીની જરૂર ન હતી. જો કે મોટુ સ્ટ્રક્ચર હતું અને કાયમી બાંધકામ પણ કરાયું હતું. આ મામલે આસિ. ટાઉન પ્લાનર ગૌતમ જોશી અને આસિ. ઈજનેર જયદીપ ચૌધરીને બેદરકાર ઠેરવી સસ્પેન્ડ કરી દીધા હતા. જ્યારે સાંજે શહેરી વિકાસ વિભાગે હુકમ કરીને મનપાના ટીપીઓનો ચાર્જ રૂડાના નગર નિયોજક એસ. એમ. પંડ્યાને આપવા હુકમ કર્યો હતો. આ હુકમમાં એમ.ડી. સાગઠિયાનું નામ નથી એટલે કે તેમણે શું કરવું તે પણ ઉલ્લેખ નથી તેથી હવે તેમની શુ ભૂમિકા રહેશે તે અસ્પષ્ટ છે. જો કે આ પાછળ મોટી કાર્યવાહી થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

# પડધરી-જામનગર હાઈ-વે પર ટેન્કરમાંથી ડીઝલ ચોરી કૌભાંડ ઝડપાયું

## પડધરી પોલીસે છ શખ્સોની ધરપકડ કરી ત્રણ વાહનો સહિત કુલ રૂ.૪૫.૬૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો






**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ-જામનગર હાઈવે પર આવેલા પડધરી તાલુકામાં અગાઉ એસએમસીની ટીમે દરોડો પાડી મસમોટુ ગેસ ફીલિંગ કૌભાંડ ઝડપી પાડયું હોય ત્યારબાદ પડધરી પંથકમાં ગેસ, ડીઝલ સહિતના કેમિકલ ચોરી કરતા લોકો ભુગર્ભમાં ઉતરી ગયા હતા. ફરી પડધરી પંથકમાં ડીઝલ ચોરી કૌભાંડ શરૂ થયાની બાતમી મળતા સ્થાનિક પોલીસે દરોડો પાડી છ શખ્સોની ધરપકડ કરી રૂ.૪૫.૬૯ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ પડધરી તાલુકાના સરપદડ આઉટ પો.સ્ટે.ના હીદડ ગામની સીમમાં ટેન્કરમાંથી ડીઝલ ચોરીનું કારસ્તાન ચાલતું હોવાની હકીક્ત મળતા પડધરી પોલીસ મથકના પીએસઆઈ જી.જે.ઝાલા એએસઆઈ ભગીરથસિંહ જાડેજા સહિતના સ્ટાફે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા છ શખ્સોની પોલીસે ધરપકડ કરી ૨૯ હજાર ડીઝલનો જથ્થો કબ્જે કરી એક ટેન્કર ત્રણ બોલેરો આઠ મોબાઈલ ડીઝલ ભરવાના કેરબા સહિત કુલ રૂ.૪૫.૬૯ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# અગ્નિકાંડમાં ૧૩ મૃતદેહના ડીએનએ સેમ્પલ મેચ થયાઃ ૧૨ મૃતદેહ પરિવારજનોને સોંપાયા

## રાજકોટ, વીરપુર, ગોંડલમાંથી ચાર અંતિમયાત્રા નીકળીઃ ડીએનએ સેમ્પલ મેચ કરવાની કામગીરી ઝડપી બનાવાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી ગેમઝોન આગની દુર્ઘટનામાં ૨૭ ડીએનએ સેમ્પલ મોકલાયા હતા. જેમાંથી ૧૩ સેમ્પલ મેચ થયા છે. જેમાં આઠ મૃતદેહ પરિવારજનોને સોંપી આપવમાં આવ્યા છે. જેમના ડીએનએ સેમપ્લે મેચ થયા છે. તેમાં સત્યપાલસિંહ છત્રપાલસિંહ જાડેજા, સ્મિત મનીષભાઈ વાળા, સુનિલભાઈ હસમુખભાઈ સિદ્ધપુરા, જીગ્નેશ કાળુભાઈ ગઢવી, ઓમદેવશી રાજેન્દ્રસિંહ ગોહિલ (ઉ.વ.૩૫), વિશ્વરાજસિંહ ગજુભા જાડેજા (ઉ.વ.૨૩) અને કાથડ આશાબેન ચંદુભાઈ (ઉ.વ.૧૮) નો સમાવેશ થાય છે. આ સિવાય અન્ય બે ડીએનએ મેચ થયા હોવાની પુષ્ટી પણ થઈ ચૂકી છે. તંત્ર દ્વારા સાત મૃતદેહ તેમના પરિવારજનોને સોંપી દેવામાં આવ્યા છે.રાજકોટમાં બે અને ગોંડલ-વિરપુરમાં અંતિમ યાત્રા નિકળતા વાતાવરણ ભારે શોકમય બની ગયું હતું.

આ ઉપરાંત મિસિંગ લિસ્ટમાં રમેશ નાસ્તારામ (રહે. બાડમેર, રાજસ્થાન)ને મિસિંગ બતાવવામાં આવી રહ્યો હતો રમેશ મોરબી હોવાની અને સલામત હોવાની માહિતી તેમના પરિવારને મળી જતા પરિવારને હાંશકારો થયો હતો. ગાંધીનગર ૮૨૬ લેબોરેટરીમાં ૨૭ મૃતદેહના સેમ્પલ એર એમ્બ્યુલન્સ મારફત મોકલાયા હતા. જેમાંથી ગઈકાલે રાત્રે ચાર સેમ્પલ મેચ થઈ ગયા હોવાનું સામે આવતા સ્વજનોને જાણ કરી દેવાઈ હતી. આ જે ચાર બોડી સવારે સોંપવામાં આવ્યા તેમાં સત્યપાલસિંહ જાડેજા, સુનિલ હસમુખલાલ સિદ્ધપુરા, સ્મિત મનીષ વાળા અને જીજ્ઞેશ કાળુભાઈ ગઢવીનો સમાવેશ થાય છે. હજુ એક સેમ્પલ મેચ થયું છે પણ બપોર સુધીમાં તેનું નામ જાહેર કરાયું નથી. એક બાદ એક મૃતદેહ આપવાનું શરૂ થતાં અન્ય લોકો પણ સિવિલ હોસ્પિટલમાં પીએમ રૂમ બહાર એકત્ર થયા હતા. આ લોકોએ ધીરજ ગુમાવી હોય તેમ પોલીસ સાથે રકઝક કરી હતી. પોલીસ પર રોષ વ્યકત કર્યો હતો. અમારા સ્વજનનું બોડી ક્યારે મળશે તેવો વલોપાત કર્યો હતો પણ પોલીસે ખાસ અનુરોધ કર્યો હતો કે, બપોર સુધીમાં ૪ નાગરીકોના ડીએનએ સેમ્પલના પરીણામ આવી ગયેલ છે.

જેથી તેમની ઓળખ થઈ ગયેલ છે. તેમજ તેઓને ડોક્ટર દ્વારા મૃત જાહેર કરી મૃતદેહ તેમના સ્વજનોને સોંપવામાં આવેલ છે. અન્યના ડીએનએ સેમ્પલ મેચ કરવાની કાર્યવાહી એફએસએલ, ગાંધીનગર દ્વારા કરવામાં આવી રહી છે. જેટલું શક્ય બને એટલું જલ્દી આ કામગીરી પૂર્ણ કરવા માટે સ્થાનિક તંત્ર સંકલન કરી રહ્યું છે. તમામને વિનંતી કરાઈ હતી કે જ્યારે સેમ્પલના પરીણામ આવશે એટલે તુરંત જ પોલીસ વિભાગ દ્વારા પરીવારજનોનો સંપર્ક કરી તેઓને જાણ કરવામાં આવશે. જેથી તમામને સહકાર આપવા વિનંતી કરી હતી.

આ સાથે અત્યાર સુધીમાં ફૂલ ૧૨ મૃતદેહોની ઓળખ કરવામાં આવી છે અને તે સંબંધિત પરિવારજનોને સોંપવામાં આવ્યા છે, તેમ અધિકારીએ જણાવ્યું હતું. આ અગાઉ જે ૪ મૃતકોની ઓળખ થઈ તે આ પ્રમાણે છે.

# મોતનો ઝોન બનેલા ટીઆરપી ગેમઝોનને કાયદેસર બનાવવા માલિકોએ કારસ્તાન રચ્યુ'તુ

## ગેમઝોન માચડાને કાયદેસર બનાવવા માલિકોએ ઈમ્પેકટ યોજનામાં ફાઈલ રજુ કરીઃ પ્લાન સાથે ફાયર એનઓસી ન હોય, ટીપી અને બાંધકામ શાખાના અધિકારીઓએ અરજી ઇન્વર્ડ કરવાનો ભર્યો હતો નનૈયોઃ ફૂડ લાયન્સ વગર ધમધમતી હતી કેન્ટીન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નાના મવા રોડ પર આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં શનિવારે સાંજે સર્જાયેલા અગ્નિકાડે સરકારી સિસ્ટમ, નિયમો, અધિકારીઓની ફરજ નિષ્ઠા સામે અનેક સવાલો ઉભા કરી દીધા છે ત્યારે ગેમ ઝોન સહિતના જોખમી સ્થળે કાયદાની કઈ રીતે મજાક બનાવવામાં આવે છે તે દેખાઇ આવ્યું છે. ફાયર એનઓસી, બાંધકામ મંજૂરીના પ્રમાણપત્રો, મામલતદાર, પોલીસ, માર્ગ મકાન વિભાગની મંજૂરી જેવી પ્રક્રિયા જાણે નિયમનું પાલન કરતા પ્રમાણિક નાગરિકો માટે જ હોય તેવી છાપ ઉપસી છે કારણ કે જયાં નિયમનો અમલ થતો નથી તેઓને તો આવી કોઈ ઝંઝટમાં પડવાનું થતું નથી. ગેરકાયદે બાંધકામ ખડકીને આ ટીઆરપી ગેમ ઝોનના ગમે તે રીતના વગદાર લોકોએ આ માળખુ ઇમ્પેકટ ફીના કાયદા હેઠળ કાયદેસર કરાવી લેવા પણ પ્રયાસ કર્યાનું બહાર આવ્યું છે તો અહીં કેન્ટીન જેવી ખાણીપીણીની વ્યવસ્થા હોવા છતાં આરોગ્ય વિભાગમાં ફૂડ લાયસન્સ માટે પણ કોઈ કાર્યવાહી કરી ન હતી. એટલે કે મનપાના ફાયર એનઓસી, ટીપી અને ફૂડ વિભાગના નિયમોનો ઉલાળીયો કર્યો છે. આ જગ્યાએ તમામ સરકારી વિભાગના અધિકારીઓ મહેમાન બની ચૂક્યા હોય, સંચાલકો પોતાને ઉપર માનવા લાગ્યાની છાપ છે. જાણકાર સુત્રોમાંથી મળેલી વિગત મુજબ નાના મવા રોડ પર સયાજી હોટલ પાસે મોટી જગ્યામાં આ ગેમ ઝોન આવેલો છે. આ ઝોનને પોલીસ વિભાગમાંથી પર્ફોમન્સ લાયસન્સ ગત વર્ષે જ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. પરંતુ અહીં ફાયરના નિયમોનું કોઈ પાલન કરાતું ન હતું. સામાન્ય રીતે માત્ર ફ્રેમ સ્ટ્રકચર હોય તો બાંધકામ પરવાનગી લેવાની ન હોય તેઓ તંત્ર જવાબ આપે છે પરંતુ અહીં તો સ્ટ્રકચરને સંપૂર્ણ ડોમ બનાવીને કવર કરી લેવામાં આવ્યો હતો. વિશાળ જગ્યાને વાતાકૂલીત બનાવવામાં આવી હતી. આ સંજોગોમાં બાંધકામને કાયદેસર રૂપ મળી જાય તેવો ખતરનાક વિચાર પણ માલિકોને આવ્યો હતો. તેના ભાગરૂપે ગત મહિને આ સંચાલકોએ મનપાની ટીપી શાખામાં બાંધકામ રેગ્યુલર કરાવવા ઈમ્પેકટ ફી યોજના હેઠળ પ્લાન રજૂ કર્યો હતો. પરંતુ આ પ્લાન સાથે ફાયર એનઓસી ન હોય, ટીપી અને બાંધકામ શાખાના અધિકારીઓએ અરજી ઇન્વર્ડ જ લીધી ન હતી. આમ ઇજનેરોએ આ ફાઇલ ઇન્વર્ડ કરવાને પાત્ર ગણી ન હતી. બાકી માલિકોનો પ્લાન બાંધકામને કાયદેસરનો કરાવી લેવાનો હતો. જે જગ્યાએ હજારો લીટર ઇંધણ પડયુ રહેતુ હોય, આગ પકડે તેવું સ્ટ્રકચર હોય, મોટા પ્રમાણમાં જવલનશીલ ફોમશીટ પડી હોય તે જગ્યાને કાયદેસર બનાવવા કોણે પ્લાન આપ્યો તે પણ મહત્વની વાત બની ગઈ છે. સદભાગ્યે આ અરજી સ્વીકારવામાં આવી ન હતી. દરમ્યાન આ ગેમ ઝોનમાં કેન્ટીન પણ હતી. વેફર, બિસ્કીટ, કોલ્ડ્રીંક્સ જેવી વસ્તુઓ મળતી હતી અને ગરમ નાસ્તો બહારથી મંગાવવામાં આવતો હતો. આમ કિચન ધમધમતું ન હોવા છતાં કેન્ટીનના રૂપમાં સુવિધા તો હતી છતાં આ જગ્યાએ ફૂડ લાયસન્સ લેવા માટે પણ કોઈ કાર્યવાહી થઇ ન હતી.

# પોલીસમેનની માસુમ દિકરીનું અવસાન થતા ચક્ષુદાન કરાયું

## ગઢવી પરિવારે પુત્રીની આંખ ડોનેટ કરી ખરા અર્થમાં સમાજને એક ઉદાહરણ પુરૂ પાડયું છે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા રઘુવીરદાન અજીતદાન ઈશરાણિ (ગઢવી) ને સંતાનમાં આજથી છએક માસ પહેલા

એક દીકરી આપલબા રઘુવીરદાન ઈશરાણિ (ગઢવી) નો જન્મ થયેલ હતો દીકરી આયાલભાને અઠવાડિયા પહેલાં કિડની અને લિવર ની તકલીફ થતાં, તેને અમદાવાદ કિડની હોસ્પિટલ સારવાર માટે દાખલ કરેલ હતી. સારવાર દરમિયાન ડોક્ટરો દ્વારા જરૂરી રિપોર્ટ કરી. નિદાન કરવામાં આવતા, દીકરી આયલબાની બનેં કિડની કામ કરતી ના હોય અને આગળ વધુ સારવાર કારગર નીવડે એમ ના હોય. જેથી હોસ્પિટલ ખાતેથી રજા આપી દીધેલ હતી. પરિવાર દ્વારા આયલબાને રાજકોટ



કોઠારિયા નાકા ખાતે આવેલ દશા શ્રીમાળી હોસ્પિટલ ખાતે દાખલ કરેલ અને સારવાર ચાલુ રાખવામાં આવેલ હતી. જ્યાં સારવાર દરમિયાન તા. ૨૭.૦૫.૨૦૨૪ ના રોજ વહેલી સવારે ડોક્ટર દ્વારા દીકરીને નિષ્પ્રાણ જાહેર કરવામાં આવી હતી. ગઢવી પરિવારની વ્હાલસોયી દીકરી આપલભા નું અવસાન થતાં, પરિવાર દ્વારા આયલબાના અંગોનું દાન કરવાનું નક્કી કરી, ડોક્ટર પાસે ઈચ્છા વ્યક્ત કરતા, ડોકટર દ્વારા દીકરીની બંને આંખો ડોનેટ કરી શકાય, તેવું જણાવતા, પરિવાર દ્વારા દીકરીને બંને આંખ ડોનેટ કરવા નો નિર્ણય લેવા માં આવેલ હતો.

આ બાબતે જી.ટી.શેઠ આંખ ની સિવિલ હોસ્પિટલ નો સંપર્ક કરી, રાત્રિ દરમિયાન ડોક્ટર ની ટીમ દ્વારા આંખ ની જરૂરી કાર્યવાહી કરી, માત્ર છ માસ ની દીકરી આયલબાની બને આંખ ડોનેટ કરવા માં આવેલ હતી. આયલભાના પિતા રઘુવીર દાન ગઢવી રાજકોટ શહેર પોલીસ ખાતે ફરજ બજાવે છે અને પોતાની પુત્રી ની આંખ ડોનેટ કરી, ખરા અર્થ માં સમાજ સેવક અને પ્રજા સેવક તરીકે સમાજ ને એક ઉદારણ પૂરું પાડી, ભીજાના કોઈ બાળકને અંધાપો દૂર કરી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરી, એક ઉત્તમ ઉદાહરણ પણ પૂરું પાડેલ છે. પોલીસ કોન્સ. રઘુવીર દાન ગઢવી ની સેવાકીય ભાવનાની પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જોઈન્ટ પોલીસ કમિશ્નર વિધિ ચૌધરી, નાયબ પોલીસ કમિશનર સજ્જન સિંહ પરમાર, પાર્થરાજ સિંહ ગોહિલ, સુધીર દેસાઈ સહિતના પોલીસ અધિકારીઓ દ્વારા બિરદાવવામાં આવી હતી.

# કાલાવડના પીઠડીયા ગામે ડેમમાં ડુબી જતા માતા-પુત્રીના મોત

## માતા-પુત્રી અને દેરાણી ડેમમાં કપડા ધોવા જતા પુત્રીનો પગ લપસ્યોઃ માતા બચાવવા જતા બંને ઉંડા પાણીમાં ડૂબી ગયા

**મુખ્ય સમાચાર, જામનગર**

કાલાવડ તાલુકાના પીઠડીયા-૨ ગામમાં ડેમમાં કપડા ધોવા ગયેલી માતા-પુત્રીના પાણીમાં ડુબી જવાથી કરૂણ મોત નિપજતાં પરિવારમાં તેમજ નાના એવા ગામમાં શોક વ્યાપી ગયો છે. પુત્રીનો પગ લપસતા માતા બચાવવા જતાં બન્ને ઉંડા પાણીમાં ગરક થઈ જતાં ગામ લોકો દોડી આવ્યા હતાં.

પીઠડીયા-૨ ગામમાં રહેતા ૧ રસીલાબેન વિજયભાઈ ડાંગરિયા (ઉ.વ.૩૯) તેમની પુત્રી હેત્વીબેન (ઉ.વ.૧૫) અને દેરાણી કાજલબેન ગત તા. ૨૬ના સાંજના સમયે ગામની સીમમાં આવેલા મણવર ડેમમાં કપડા ધોવા માટે ગયા હતાં. ત્યારે હેત્વીબેનનો પગ લપસતા તેણી ડેમમાં પડી જતાં માતા રસીલાબેને પુત્રીને બચાવવા માટે પાણીમાં કુદી ગયા હતાં અને માતા- પુત્રી બન્ને ઉંડા પાણીમાં ગરક થઈ જતાં સાથે રહેલા નણંદ કાજલબેને બુમો પાડવા લાગતા લોકો એકઠા થવા લાગ્યા હતાં અને ગામ લોકો પણ આવી ગયા હતાં અને તરવૈયાઓએ માતા-પુત્રીને પાણીમાંથી બહાર કાઢીને સારવાર માટે કાલાવડ સરકારી હોસ્પિટલે લઈ ગયા હતાં. જ્યાં ફરજ પરના તબીબોએ તપાસીને બન્નેના પાણીમાં ડુબી જવાથી મોત નિપજયાનું જાહેર કર્યુ હતું. આ બનાવની મૃતકના પતિ વિજયભાઈ છગનભાઈ ડાંગરીયાએ પોલીસમાં જાહેર કરતા જમાદાર વી.જે.જાદવ હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતાં અને માતા-પુત્રીના મૃતદેહોના કબ્જા લઈને પીએમ માટે મોકલી દીધા હતા.આજે સવારે માતા- પુત્રીની એક સાથે અંતિમયાત્રા નિકળતા પરિવારજનો તેમજ ગામમાં શોક વ્યાપી ગયો હતો.

# VYO શ્રીનાથધામ હવેલી ખાતે વ્રજરાજકુમારજીની ઉપસ્થિતિમાં અગ્નિકાંડના મૃતકોના અપાઈ શ્રદ્ધાંજલી






(તસ્વીરઃ આનંદ જાવિયા)

આજે રાજકોટની VYO શ્રીનાથધામ હવેલી ખાતે વ્રજરાજકુમારજી મહોદયની ઉપસ્થિતિમાં ટીઆરપી ગેમઝોનમાં ભીષણ આગમાં જીવ ગુમાવનાર તમામ લોકોને શ્રધ્ધાંજલિ અપાઈ હતી. આ શ્રધ્ધાંજલિમાં મૌલેશભાઈ ઉકાણી, જગદીશભાઈ કોટડીયા સહિતના અગ્રણીઓ તેમજ વૈષ્ણવો ઉપસ્થિત રહ્યા હતા.

# ડ્રાઈવિંગ સ્કૂલના વાહનોને ડીટેઈન કરતી આરટીઓ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ આર ટી ઓ કચેરી દ્વારા ડ્રાઇવિંગ સ્કૂલના વાહનોની તપાસણી સોંપવામાં આવેલ હતી જે સબબ આજ રોજ વહેલી સવારે ૫ ડ્રાઇવિંગ સ્કૂલના વાહનો નિયમો અનુસાર આર ટી ઓ કચેરી ખાતે નોંધયેલ ન હોવા થી ડિટેઇન કરેલ છે. જેમાં બ્લેક ફિલ્મ અને ફેન્સી નંબર પ્લેટની પણ કાર્યવાહી કરવામાં આવેલ છે.

**ડ્રાઇવિંગ સ્કૂલ નામ**

૧)સિયા મોટર ડ્રાઇવિંગ સ્કૂલ
૨)ૐ શ્રી મોટર ડ્રાઇવિંગ સ્કૂલ
૩)પૂજા મોટર ડ્રાઇવિંગ સ્કૂલ
૪)પ્રજાપતિ મોટર ડ્રાઇવિંગ સ્કૂલ
૫)ક્રિએટર મોટર ડ્રાઇવિંગ સ્કૂલ

ઉપરોક્ત મુજબની ડ્રોવિંગ સ્કૂલના વાહનોની સહાયક મોટર વાહન ઇન્સ્પેક્ટર કે ડી ઝાલા અને શ્રી વી બી પટેલ દ્વારા ડિટેઇન કરવામાં આવેલ છે. સ્કૂલના સંચાલક દ્વારા દસ્તાવોજેની પૂરતા કર્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવ સે.

# મોરબીમાં મિત્રના ડખ્ખામાં સમાધાન કરવા ગયેલ યુવક ઉપર તલવાર-છરીથી ચાર શખ્સોએ કર્યો હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ ત્રાજપર ગામે રહેતો યુવક પોતાના મિત્રને ગામમાં જ રહેતા અમુક ઈસમો સાથે ઝઘડો થયો હોય ત્યારે થયેલા ઝઘડામાં સમાધાન માટે ગયેલ યુવકને ચાર શખ્સોએ તલવાર-છરી તથા ઢીકાપાટુનો માર મારી હાથમાં, કલાઈમાં તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડતા યુવકને લોહી લોહાણ હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ ત્યારે સમગ્ર બનાવ બાબતે બી ડિવિઝન પોલીસ મથકમાં યુવક દ્વારા ચારેય આરોપીઓ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર મોરબીના ત્રાજપર ગામમાં રામજી મંદિર પાસે રહેતા રવિભાઇ અશોકભાઇ વરાણીયા ઉવ.૨૮ એ મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી મનસુખ ઉર્ફે મચો રમેશભાઇ વરાણીયા ઉવ.૪૩ રહે. મોરબી-૨ ત્રાજપર ગામ, કરખજીભાઇ ઉર્ફે હકો જીવણભાઇ અદગામા ઉવ.૪૩ રહે. મોરબી-૨ ત્રાજપર ગામ, પ્રવિણભાઇ ઉર્ફે ઉગો જગમલભાઇ અદગામા ઉવ.૨૨ રહે. મોરબી-૨, કાનાભાઇ હરખજીભાઇ ઉર્ફે હકાભાઇ અદગામા ઉવ.૨૦ રહે. જુના ઘુટુ ડાડાના મંદિર પાછળ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગત તા. ૨૬/૦૫ ના રાત્રીના ૧૦ વાગ્યાના અરસામાં ફરિયાદી રવિભાઈને તેમના મિત્ર ધરમશી ઉર્ફે લાલાએ ફોન કરી જાણ કરી કે તેને ત્રાજપર ગામમાં રહેતા મનસુખ ઉર્ફે મચા સાથે ઝઘડો થયો છે જેથી થયેલા ઝઘડા બાબતે સમાધાન કરવા માટે ત્રાજપર ગામના અવેળા પાસે ઉપરોક્ત આરોપીઓ હોય જેથી રવિભાઈ ત્યાં ગયા હતા અને ઝઘડા બાબતે પૂછતાં આરોપી મનસુખ ઉર્ફે મચાએ બેફામ અપશબ્દો બોલવા લાગ્યો હતો જેથી રવિભાઈએ અપશબ્દો બોલવાની ના પડતા એકદમ ઉશ્કેરાયેલા મનસુખ ઉર્ફે મચાએ તલવારથી રવિભાઈને એક ઘા માર્યો હતો ત્યારબાદ ઉપરોક્ત આરોપીઓએ એક સંપ કરી રવિભાઈને પકડી રાખી આરોપી પ્રવીણભાઈ ઉર્ફે ઉગાએ છરી કાઢી મારવા જતા રવિભાઈએ છરી પકડી લેતા તેમને હાથમાં ઇજા પહોંચી હતી.

# સરગમ કલબ અને કશ્યપ જવેલર્સના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

## કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા.૧ના રોજ સીધા સ્થળ પર પહોચવું દર્દીઓએ પોતાનું ઓળખ પત્ર તેમજ ડોકટરના સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાસ્કૃતિક,સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને શ્રીમતી ચંદ્રિકાબેન તથા ભરતભાઈ રૂપારેલીયા (કશ્યપ જવેલર્સ દુબઈ) અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંક્ત ઉપક્રમે તા.૧/૦૬/૨૦૨૪ થી ૩/૦૬/૨૦૨૪ શનિવાર ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પ તા.૧/૦૬/૨૦૨૪ થી ૩/૦૬/૨૦૨૪ સુધી જૂન માસ નાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા ૦૧/૦૬/૨૪ શનિવાર ના રોજ સવારે ૮/૦૦ કલાકે ખાસ સરગમભવન,જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૦૬/૨૦૨૪ ના રોજ સવારે ૮/૦૦ ખાસ ઉપસ્થિત રહેવું. આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ શ્રીમતી ચંદ્રિકાબેન તથા ભરતભાઈ રૂપારેલિયા (કશ્યપ જવેલર્સ દુબઈ) નો સહયોગ મળેલ છે.

આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને શ્રીમતી ચંદ્રિકાબેન તથા ભરતભાઈ રૂપારેલિયા (કશ્યપ જવેલર્સ દુબઈ) તથા કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવે રહ્યા છે.

# દુર્ઘટના સ્થળે ક્રાઈમ બ્રાંચે ગેરસમજના કારણે વેપારીને આરોપી સમજી અટકાયતમાં લીધો

## શોરૂમ ધરાવતા વેપારી માનવતાના ખાતર મિત્રો સાથે ઘટના સ્થળે આવી મદદ કરવા આવ્યા હતાઃ ઓળખ પુરાવા આપતા પોલીસને ભુલ સમજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ક્યારેક કોઈની ગેરસમજ કોઈના માટે કેટલી મુશ્કેલી ઊભી કરે છે તે ટીઆરપી ગેમ ઝોનની આગની દુર્ઘટના બાદ વાઈરલ થયેલા એક ફોટોગ્રાફે સાબિત કરી દીધું છે.

જેમને આરોપી ગણીને ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવ્યો હતો તે વાસ્તવમાં રાજકોટના મારવાડી જૈન પરિવારના અંકુરભાઈ શાંખલા છે. તેઓ શુટિંગ શર્ટિંગ શોરૂમ ધરાવે છે અને ઘટનાના દિવસે માનવતાની દ્રષ્ટિએ ત્યાં પહોંચ્યા હતા.અંકુરભાઈ શાંખલાના જણાવ્યા અનુસાર ટીઆરપી ગેમ ઝોન માં આગ લાગી અને સમાચાર મળતા તેઓ મિત્ર સાથે માત્ર માનવતાના ધોરણે ત્યાં ગયા હતા પરંતુ ગેરસમજને કારણે પોલીસ મને



ક્રાઈમ બ્રાન્ચ લઈ ગઈ હતી પરંતુ ત્યારબાદ મેં મારી ઓળખના પુરાવા આપતા અને પોલીસને પણ પોતાની ભૂલ સમજાતા મને જવા દીધો હતો.

તેમણે એમ પણ કહ્યું છે કે મીડિયા જગતમાં અને સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ ઉપર હું આરોપી છું તેવા ફોટોગ્રાફ વાયરલ થતા મને અને મારા પરિવારજનોને ઘણી માનસિક યાતના થઈ છે. અન્ય શહેરોમાં રહેતા સગા વ્હાલા પણ ચિંતામાં પડી ગયા છે. આવા સંજોગોમાં મારે આ સ્પષ્ટતા કરવી જરૂરી બની છે.

મારે આ દુર્ઘટના સાથે વ્યક્તિગત રીતે કશું લાગે વળગતું નથી. માત્ર નાની ગેરસમજણને કારણે પોલીસે મને આરોપી ગણી લીધો હતો પરંતુ ત્યારબાદ સ્પષ્ટતા થઈ જતા અને જવા દીધો હતો તેવું પણ અંકુરભાઈ શાંખલાએ અંતમાં જણાવ્યું છે. અંકુરભાઈ શાંખલા રાજકોટની સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે અને વિવિધ માનવતાવાદી પ્રવૃત્તિઓ પણ કરે છે.

# રાજકોટમાં અગ્નિકાંડના ત્રણ આરોપીના ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર

## ટીઆરપી ગેમઝોનના સંચાલક યુવરાજે કોર્ટમાં મગરના આંસુ સાર્યાઃ ભોગ બનનાર પરિવાર વતી બાર એસોસિએશન ઉભું રહ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ટીઆરપી ગેમઝોનમાં શનિવારે સર્જાયેલા અગ્નિકાંડના ઝડપાયેલા ત્રણેય આરોપીને સોમવારે ક્રાઈમ બ્રાન્ચની ટીમ ચાંપતા પોલીસ બંદોબસ્ત વચ્ચે સેસન્સ કોર્ટમાં રજૂ કર્યા હતા જ્યાં કોર્ટમાં જામીન અરજીની સુનાવણી શરૂ થાય તે પહેલાં જ આરોપી યુવરાજસિહ સોલંકી કોર્ટમાં મગરના આંસુ સાર્યા હતા. રાજકોટના ઈતિહાસમાં સૌથી ખતરનાક કહી શકાય તેવા આ અગ્નિકાંડ મામલે સ્પેશિયલ પીપી તુષાર ગોકાણીની ધારદાર દલીલો બાદ કોર્ટે ત્રણેય આરોપીઓને ૧૪ દિવસના રિમાન્ડ ઉપર સોંપવા હુકમ કર્યો હતો.

આ અંગેની માહિતી મુજબ કાલાવડ રોડ ઉપર નાનામવા વિસ્તારમાં સયાજી હોટલ પાછળ આવેલા ટીઆરપી ગેમઝોનમાં આગ લાગતા આ વિકરાળ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

આગમાં ૩૦ જેટલા નિર્દોષ લોકોના મૃત્યુ નિપજ્યા હતા, આ ગંભીર અગ્નિકાંડમાં રાજકોટ પોલીસે તાત્કાલિક અસરથી ગેમઝોનના સંચાલક યુવરાજસિહ સોલંકી, રાહુલ રાઠોડ અને નીતિન જૈનની ધરપકડ કર્યા બાદ ક્રાઈમબ્રાન્ચે સોમવારે ત્રણેય આરોપીને કોર્ટમાં રિમાન્ડની માંગણી સાથે રજૂ કરતા અગ્નિકાંડમાં સ્પેશિયલ પીપી તરીકે રોકાયેલા તુષાર ગોકાણીએ કોર્ટ સમક્ષ દલીલ કરતા જણાવ્યું હતું કે, આરોપીઓ તપાસમાં સહકાર આપતા નથી, તપાસનીશ અધિકારી પૂછે તો કહે છે કે પુરાવા નાશ થઇ ગયા છે. તેમને ત્યાં કેટલા કર્મચારીઓ કામ કરતા હતા તેની પણ કોઈ માહિતી આરોપીઓ આપતા નથી.

સાથે જ સ્પેશિયલ પીપી ગોકાણીએ જણાવ્યું હતુ કે, એક મહિલાએ ડાઇંગ ડિક્લેરેશનમાં કહ્યું છે કે, જે માળે આગ લાગી ત્યાં કર્મચારી દરવાજો બંધ કરીને જતો રહ્યો હતો. સાથે જ કોર્ટમાં જણાવાયું હતું કે ટીઆરપી ગેમઝોનમાં ફાયર એનસોસી જ લેવાયું ન હતું, ઉપરાંત કોર્ટ સમક્ષ જણાવાયુ હતું કે, ટીઆરપી ગેમઝોન સંપૂર્ણ ફેબ્રિકેશનમાં બનેલું હતું. મોટા પ્રમાણમાં ઇલેક્ટ્રિક વાયરિંગ પણ હતું સાથે જ ફાયર સાધનો પણ ન હોવાનું ફાયર વિભાગે જાહેર કર્યું છે. વિકેન્ડ હતું, વેકેશનનો સમય હતો તેમજ શનિવારના દિવસ માટે ખાસ ઓફર પણ આપવામાં આવી હતી જેથી વધુ ભીડ ઉમટી હોવા છતાં વેલ્ડિંગનું કામ કેમ ચાલતું હતું એ મોટો સવાલ છે. સુનાવણી દરમિયાન આરોપી રાહુલ રાઠોડે કહ્યું હતું કે, અમે તો પગારદાર નોકર છીએ અને અમે માલવીયાનગર પોલીસ મથકમાં સામેથી હાજર થયા હતાં અને પોલીસ તપાસમાં પૂરતો સહયોગ આપીએ છીએ.

કોર્ટમાં રિમાન્ડ અરજીની સુનાવણી દરમિયાન એક માત્ર આરોપી યુવરાજસિહના ચહેરા પર દુખ જોવા મળ્યું હતું, બાકીના બે આરોપીને કોઈ દુખ કે શરમ ન હોય તેવું પ્રતીત થતું હતું, આરોપીઓએ કોઈ દિવસ લાયસન્સ માટે અરજી કરી ન હોવાનું અને પોલીસ પાસે માત્ર એન્ટ્રી ફી અને રાઈડ ફી માટે જ પરમિશન લીધી હોવાનું સામે આવ્યું છે, સાથે જ કોર્ટમાં સુનાવણી દરમિયાન કાટમાળમાંથી લાશ મળી રહી હોવાનું અને એફએસએલ આવ્યા પહેલાં જ કાટમાળ હટાવી પુરાવાનો નાશ કરવાનો પ્રયત્ન થયો હોવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, હાલમાં મૃતકોના પરિવારોને મૃતદેહ સોંપવાની કાર્યવાહી ચાલુ હોય કોઈ વિક્ટિમ કોર્ટમાં હાજર ન હોવાથી વિક્ટિમ પરિવારો તરફથી રાજકોટ બાર એસોસિએશને કોર્ટમાં રજૂઆત કરતા કહ્યું હતું કે, વિકટિમનો પરિવાર અહીં યા આવી શકે તેમ નથી એના બદલામાં રાજકોટ બાર એસોસિએશન ઉભું છે.નોંધનીય છે કે, રાજકોટ બાર એસોસિએશન દ્વારા આરોપીઓના કેસ ન લડવા ઠરાવ કર્યો હોય સુનાવણીમાં કોઈ વકીલ હાજર ન રહેતા આરોપીઓ તરફે લીગલ એઇડ સર્વિસના વકીલ હાજર રહ્યા હતા.બન્ને પક્ષની દલીલ બાદ કોર્ટે તત્રણેય આરોપીઓને ૧૪ દિવસના રિમાન્ડ ઉપર સોંપવા હુકમ કર્યો હતો.

# પ્યાસીઓ માટે માઠા સમાચારઃ મોરબીમાં વધુ એક નકલી દારૂની ફેકટરી ઝડપાઈ

## મોરબી એલસીબી ટીમે રણછોડનગરમાંથી કૌભાંડ ઝડપી લીધુંઃ નકલીઃ બોટલ, ઢાંકણ, ડિસમિસ સહિતનો મુદામાલ કબ્જે, આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના રફાળેશ્વર નજીક તાજા ભૂતકાળમાં નકલી દારૂ બનાવવાની ફેકટરી ઝડપાયા બાદ મોરબી એલસીબી ટીમે ગઈકાલે મોરબીના રણછોડનગર વિસ્તારમાં દરોડો પાડી સસ્તો દારૂ મોંઘી બોટલમાંઆ ભરવાનું જબરું કારસ્તાન ઝડપી લીધું હતું. જો કે દરોડા દરમિયાન આરોપી હાથ ન લાગતા પોલીસે નકલી દારૂની બોટલ ભરવામાં ઉપયોગમાં લેવાતી સામગ્રી કબ્જે કરી આરોપીને ફરાર જાહેર કરી સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ગુન્હો રજીસ્ટર કરાવ્યો હતો.

બનાવ અંગે જાણવા મળતી વિગતો



મુજબ મોરબીના રણછોડનગરમાં રહેતો આરોપી અલ્તાફ ઉર્ફે રાજા સોકતભાઈ ખોડ નામનો શખ્સ પોતાના રહેણાંકમાં સસ્તો દારૂ મંગાવી બાદમાં આ દારૂ અન્ય બ્રાન્ડેડ મોંઘી બોટલમાં ભરી નકલી સ્ટીકર, ઢાંકણ લગાવી વેચતો હોવાની બાતમીને આધારે એલસીબી ટીમે દરોડો પાડી અલગ અલગ બ્રાન્ડની ૪૧ બોટલ કિંમત રૂપિયા ૧૪,૩૫૦, બોટલ ઉપર લગાવવાના નકલી સ્ટીકર નંગ ૬૪૦, અલગ અલગ બ્રાન્ડની બ્રાન્ડેડ દારૂની ૩૯૬ ખાલી બોટલ, ટેપરોલ, ગરણી ડિસમિસ, ઈન્જેક્શન તેમજ મીણબત્તી સહિતનો ૧૪,૪૯૦નો મુદામાલ કબ્જે કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આરોપી અલ્તાફ ઉર્ફે રાજા નામનો શખ્સ સસ્તા ભાવે આવતી દારૂની બોટલ મંગાવી બાદમાં વેટ ૬૯, બ્લેન્ડર, બ્લેક ડોગ સહિતની ખાલી બોટલમા ભરી નકલી સ્ટીકર લગાવી સસ્તો દારૂ મોંઘા ભાવે વેચવાનું તરકટ રચ્યું હતું. આ ડુપ્લીકેટ દારૂની મીની ફેકટરી મામલે મોરબી એલસીબી પોલીસે અલ્તાફ ઉર્ફે રાજા તેમજ તપાસમાં જે ખુલે તે તમામ વિરુદ્ધ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ગુન્હો દાખલ કરાવ્યો હતો.

# ગેમઝોનની દુર્ઘટનામાં ભાવનગર જિલ્લાના બે યુવાનો ગુમ

## જેસરનો યુવાન ગેમઝોનમાં નોકરી કરતો હતો ભાવનગરનો યુવક ફરવા ગયો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અગ્નિકાંડની ઘટના બની હતી, જેમાં બાળકો સહિતના આશરે ૨૮ લોકોના મોત નિપજતા અરેરાટી મચી જવા પામી હતી. આ ઘટના બાદ ભાવનગર શહેર અને જિલ્લાના બે વ્યકિત ગુમ હોવાનુ જાણવા મળેલ છે. બંને યુવાનનો કોઈ સંપર્ક નહીં થતા તેના પરિવારજનો ચિંતીત છે.

આ અંગેની માહિતી મુજબ સરકારી તંત્ર પાસેથી મળતી વિગતો અનુસાર, રાજકોટના નાના મવા રોડ પર સયાજી હોટેલ પાસે બનેલા ટીઆરપી ગેમઝોનમાં ગત શનિવારે સાંજના સમયે અગ્નિકાંડની ઘટના બનતા દોડધામ મચી જવા પામી



હતી. જેમાં બાળકો સહિત ૨૮ લોકો ભડથું થઈ જતા અરેરાટી મચી જવા પામી હતી. મૃતકોની ઓળખ થાય તેમ ન હોવાથી તેઓના ડીએનએના આધારે મૃતકની ઓળખ કરવામાં આવશે. આ ગેમ ઝોનમાં ભાવનગર શહેર અને જિલ્લાના બે યુવાન હતા પરંતુ આ યુવાનો હાલ ગુમ છે, જેમાં વકીલ ઓમદેવસિંહ ગજેન્દ્રસિંહ ગોહિલ ઉ.વ. ૩૪ રહે. શાંતીનગર, કાળીયાબીડ, ભાવનગર) અને કલ્પેશ પ્રવીણભાઈ બગડા (આશરે ઉ. ૨૦ રહે. રબારીકા ગામ, તા. જેસર, જિ. ભાવનગર)નો સમાવેશ થાય છે.

આ બંને યુવાનનો સંપર્ક નહીં થતા તેના પરિવારજનો ચિંતીત છે અને બંને યુવાનની શોધખોળ ચાલી રહી છે. ઓમદેવસિંહ ગોહિલ રાજકોટ તેના સંબંધીના ઘરે ગયા હતા અને સંબંધીઓ સાથે ટીઆરપી ગેમ ઝોનમાં ગયા હતા પરંતુ અગ્નિકાંડની ઘટના બાદ તેઓનો સંપર્ક થતો નથી, જયારે કલ્પેશ બગડા ટીઆરપી ગેમ ઝોનમાં નોકરી કરતા હતા અને તેઓ હાલ રાજકોટ ખાતે રહેતા હતા પરંતુ તેઓનો પણ સંપર્ક થતો નથી તેમ ભાવનગર જિલ્લા કલેકટરના ડિઝાસ્ટર વિભાગના સુત્રોએ માહિતી આપતા જણાવેલ છે.

# અગ્નિકાંડમાં મૃત્યુ પામેલા વિરપુરના યુવાનની અંતિમ યાત્રા નીકળતા ગામ હીબકે ચડ્યું

## ચાર બહેનનો એકનો એક ભાઈ ૨૦ દિવસ પહેલાં ગેમઝોનમાં નોકરીએ લાગ્યો હતો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટીઆરપી ગેમઝોનમાં વીરપુરનો યુવાન ૨૦ દિવસ પહેલા જ નોકરીએ લાગ્યો હતો અને અગ્નિકાંડ માં હોમાયો હતો.મૃતક જયારે ગેમીગ ઝોનમાં આગ લાગી ત્યારે અન્ય લોકોને બચાવવા માટે ગયો હતો અને તે સમયે બ્લાસ્ટ થતા તેનુ મૃત્યુ થયું હતું.

મૃતક જીગ્નેશ ગઢવી નું પણ DNA સેમ્પલ મેચ થતા તેના મૃતદેહને પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો,



પરિવારજનો દ્વારા વીરપુર સ્મશાન ગૃહ ખાતે અંતિમવિધિ કરવામાં આવી હતી,

મૃતક જીગ્નેશ ગઢવી મૃત્યુથી ચાર બહેનોએ એક નો એક ભાઈ ગુમાવ્યો હતો જયારે એકના એક પુત્રે પિતાની છત્રછાયા ગુમાવી હતી,

જીગ્નેશ ગઢવી એ રાજકોટના ગેમ ઝોનમાં ૨૦ દિવસ પહેલા જ નોકરી જોઈન કરી હતી આ બાબતે મૃતકના ભાણેજ ચિરાગભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે જયારે અમે આ ગેમ ઝોનનો પહેલો વિડિયો જોયો જેમાં જીગ્નેશભાઈ ગઢવીને તેમના કોઈ મેનેજર કે કોઈ માણસે કહ્યું કે ઉપરનો દરવાજો ખોલો ત્યારે જીગ્નેશભાઈએ બે થી ત્રણ છોકરાઓને બહાર કાઢી પછી ઉપર તે દરવાજો ખોલવા માટે ગયા બીજા માણસોને બચાવવા માટે જીગ્નેશભાઈ ઉપરના દરવાજા ખોલવા ગયા તેમાં પેટ્રોલનો બ્લાસ્ટ થતા ફસાયા હતા અને ઉપર દરવાજો કોઈ કારણોસર બંધ થતાં મોત નીપજયું હતું.

# ફાયર બ્રિગેડ સહિતના તંત્ર વાહકોએ ગેમઝોનમાં કયારેય મોકડ્રીલ કરી નથી

## હોસ્પિટલ, મોલ, સોસાયટી, નાના મોટા એપાર્ટમેન્ટમાં લોકોને તાલીમ અપનાર ફાયર વિભાગે ગેમ ઝોન સામે આંખ આડા કાન કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાપાલિકાની ફાયર એન્ડ ઇમરજન્સી શાખાએ તકેદારીના ભાગરૂપે ફાયર સેફટી માટે પૂરા શહેરમાં જનજાગૃતિની નમુનારૂપ કામગીરી કરી છે. પરંતુ ટીઆરપી ગેમ ઝોન જેવી જગ્યાએ આવી કોઈ મોકડ્રીલ કરવામાં આવી નહીં હોવાનું બહાર આવ્યું છે. રાજકોટ સહિતના શહેરોમાં આગ દુર્ઘટના બાદ કોરોના સમયથી રાજય સરકાર અને હાઈકોર્ટના આદેશથી શહેરની લગભગ તમામ સોસાયટી અને વોર્ડમાં ફાયર શાખા કોઈ બ્રેક લીધા વગર નિયમિતપણે ફાયર સેફ્ટી માટે મોકડ્રીલ કરે છે. શહેરની લગભગ તમામ હોસ્પિટલ, મોલ, સોસાયટી, નાના મોટા એપાર્ટમેન્ટમાં લોકોને અને સ્ટાફને સલામતીના પગલા માટે તાલીમ આપી છે. હવે શનિવારે જયાં આ ઘટના બની તે ટીઆરપી ગેમ ઝોનમાં ફાયર સેફ્ટીના સાધનો તો હતા, બનાવના બે દિવસ પહેલા કંપનીના ફાયરના કર્મચારીઓ ફીટીંગ પણ કરતા હતા. પરંતુ મનપામાં આ ઝોન અંગે કોઈ નોંધ ન હોય, અહીં ફાયર મોકડ્રીલ ક્યારેય કરાઈ નથી.

વધુમાં આવા જે સ્થળો ફાયર એનઓસી લેતા નથી તે તપાસમાં બહાર આવે ત્યારે પગલા લેવામાં આવે છે. પરંતુ જયાં સર્ટીફીકેટ ઇસ્યુ થયું ન હોય ત્યાં તંત્ર કોઈ રેકોર્ડ ન હોવાથી મોકડ્રીલ માટે જતું નથી. આથી આવા ઘણા જાહેર અને જોખમી સ્થળો મોકડ્રીલમાંથી બાકાત રહી જાય છે. ફાયર શાખાએ છેલ્લા સમયમાં જુદી જુદી સોસાયટીમાં અને હોસ્પિટલ, શાળા જેવા સ્થળે બે લાખથી વધુ લોકોને ફાયર સેફ્ટીની તાલીમ આપી છે પરંતુ આ સ્થળો શોધીને મોકડ્રીલ નહીં તો નિયમ ભંગ બદલ કાર્યવાહી કરવાની જરૂર હોવાનો મત છે.

# રાજકોટ સિવિલમાં ખાનગી પેઢી દ્વારા કર્મચારીઓનું શોષણ કરતા હોવાની રાવ

## કોન્ટ્રાકટમાં કામ કરતા સફાઈ કામદાર સહિતના કર્મચારીઓનું પી.એફ. અને નિયમિત પગાર થતો નહીં હોવાની કલેક્ટરને રજૂઆત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સિવિલ હોસ્પિટલ છાસવારે વિવાદમાં રહેતી હોય છે ફરી એક વખત સિવિલ હોસ્પિટલના કોન્ટ્રાક્ટ બેઈઝ કર્મચારીઓએ પગાર અને પી.એફ.ના મુદ્દે કોન્ટ્રાક્ટર સામે જીલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવી રજુઆત કરી છે. બીજી બાજુ કોન્ટ્રાક્ટર એમ.જે.સોલંકીની તરફેણમાં પણ અમુક કર્મચારીઓએ રજુઆત કરી હતી.

રાજકોટની પંડીત દીનદયાલ ઉપાધ્યાય સિવિલ હોસ્ટિપલમાં છેલ્લા ઘણા વર્ષોથી કોન્ટ્રાક્ટ બેઝ તરીકે ફરજ બજાવતા સફાઈ કામદારો અને અન્ય કર્મચારીઓએ આજે



પગાર તેમજ મુદ્દે જિલ્લા કલેક્ટરને રજુઆત કરી આવેદન પત્ર પાઠવ્યુ હતું.સિવિલ હોસ્પિટલના કર્મચારીઓએ મોટી સંખ્યામાં રજુઆત કરતા જણાવ્યુ હતું કે છેલ્લા ઘણા સમયથી કોન્ટ્રાક્ટર એમ.જે. સોલંકી અને તેના મળતિયા દ્વારા નિયમિત પગાર કરવામાં નહીં આવતું હોવાની તેમજ છેલ્લા દસેક માસથી કર્મચારીઓ અને સફાઈ કામદારોના ખાતામાં પી.એફ. પણ જમા કરવામાં નહીં આવતું હોવાની રજુઆત કરી હતી. આ ઉપરાંત અન્ય લાભો પણ આપવામાં નહીં આવતા હોવાનું જણાવ્યું હતું. સિવિલ હોસ્ટિપલના કોન્ટ્રક્ટરની વિરૂદ્ધ એક જૂથે રજુઆત કરી છે ત્યારે બીજા એક જૂથે કોન્ટ્રાક્ટર એમ.જે.સોલંકીની તરફેણમાં રજુઆત કરી હતી. જેમાં જણાવ્યુ હતુ કે, અમુક લે ભાગુ તત્વો દ્વારા સિવિલ હોસ્ટિપલમાં કુર્મચારીઓ વચ્ચે ખોટી માહિતી આપી વૈમનસ્ય ઉભુ કરવામાં આવતુ હોવાની અને અંદરો અંદર ફૂટફાટ પાડવામાં આવતી હોવાની રજુઆત કરી હતી.

# અગ્નિકાંડમાં ગેમઝોનના ભાગીદાર હોમાઈ ગયાની આશંકા

## ૪૮ કલાક પછી પણ કાર ઘટના સ્થળે જ પડી હોય પોલીસે ભાગીદારને ફરાર સમજી આરોપી ગણ્યોઃ ભાઈએ પોલીસને અરજી કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ટીઆરપી ગેમઝોનમાં બેદરકારી સબબ ૬ સામે ફરિયાદ નોંધાવાઈ છે ત્યારે બનાવના ૪૮ કલાક પછી જે ભાગીદારનું નામ ફરિયાદમાં છે તેનો કોઈ પતો નહિ મળતા આરોપીના ભાઈએ પોલીસમાં અરજી કરી પોતાનો ભાઈ પણ આગમાં હોમાઈ ગયો હોવાની આશંકા વ્યક્ત કરી છે જયારે બનાવ પછી તેની કાર હજુ પણ ઘટનાસ્થળે જ પાર્ક કરેલી જોવા મળી રહી છે.



આ અંગેની માહિતી મુજબ વડોદરા સાવલી રોડ ઉપર ડીઆરજી હાઈટ્સમાં રહેતા જીતેન્દ્રભાઈ હિરણએ તેના રાજકોટ રહેતા અને ટીઆરપી ગેમઝોનમાં ભાગીદાર તરીકે કામ કરતા ભાઈ પ્રકાશ કનૈયાલાલ હિરણ મિસિંગ હોવા અંગે રાજકોટ રહેતા મિત્ર મારફ્ત ક્રાઈમ બ્રાંચમાં એક અરજી આપી છે જેમાં જણાવ્યું હતું કે બનાવ શનિવારે બન્યા બાદ અમે ચિંતિત હતા અમને થયું કે પોલીસ ફરિયાદ નોંધાઈ હોવાથી ભાઈ ભાગી ગયો હશે પરંતુ હવે ૪૮ કલાક પછી પણ તેનો કોઈ પતો લાગ્યો ન હોય જેથી મારો ભાઈ પણ આગમાં હોમાઈ ગયો હોય તેવી આશંકા છે જયારે બીજી તરફ પ્રકાશની જી જે ૦૩ એમ આર ૫૨૯૦ નંબરની કાર પણ ઘટનાસ્થળ પાસે જ બનાવના દિવસથી પાર્ક કરેલી હોય પરિવારજનોએતપાસ કરવા માંગ કરી છે જો પરિવારના કોઈ સભ્ય ડીએનએ આપે તો ખ્યાલ આવે કે પ્રકાશ ભાગી ગયો છે કે ભોગ બન્યો છે.

# બેડી ચોકડી પાસે ઓવરબ્રિજ પર બંધ ટ્રક પાછળ રિક્ષા ઘુસી જતા ચાલકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મૂળ રાણાવાવના વાડોતરા ગામના વતની અને હાલ રાજકોટમાં તરઘડી ગામમાં રહેતો યુવાન પોતાની રીક્ષા લઈને બેડી ચોકડી પાસે રેલ્વે ઓવરબ્રિજ ઉપરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે બંધ ટ્રક પાછળ રીક્ષા ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ઘવાયેલા યુવક્નું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.


આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ મૂળ રાણાવાવના વાડોતરા ગામનો વતની અને હાલ તરઘડીયા ગામના પાટીયા પાસે રહેતા શૈલેષ સુરાભાઈ કરમટા નામનો ૪૦ વર્ષનો યુવાન સવારના સાડા સાતેક વાગ્યાના અરસામાં પોતાની રીક્ષા લઈને બેડી ચોકડીથી સોખડા ચોકડી તરફ જઈ રહ્યો હતો ત્યારે રેલ્વે ઓવરબ્રિજ ઉપર બંધ ટ્રક પાછળ રીક્ષા ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા રીક્ષા ચાલક યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં તેનું મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. પ્રાથમિક પૂછપરછમાં એક ભાઈ એક બહેનમાં મોટો હોવાનું જાણવા મળ્યું છે.

# રૂપાલાની શ્રધ્ધાંજલીનો ફોટો વિડિયો વાયરલ કરનાર સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઈમેજ ખરાબ થાય તેવા ભ્રામક ફોટો અને વિડીયો વાયરલ કરનાર પાંચ ઇન્સ્ટાગ્રામ આઈડી સામે સાયબર ક્રાઈમ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટમાં પુરષોતમ રૂપાલાનો વિવાદ વચ્ચે કોઈ શખ્સો દ્વારા તેમની શ્રદ્ધાંજલિની દર્શાવતી પોસ્ટ બનાવી ચુંટણી સમયે ઈન્સ્ટાગ્રામમાં વાયરલ કરવામાં આવી હતી. આ પોસ્ટ રૂપાલાના રેપ્યુટેશન અને ઈમેજ પર ખરાબ અસર પડતી હોવાથી વાયરલ કરનાર ઇન્સ્ટાગ્રામ આઈડીના માલિક સામે સાયબર પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે. વિગતો મુજબ નાના મવા રોડ આલાપ ટાવર રહેતા




અને રાજકોટ શહેર ભાજપમાં કવીનર તરીકે છેલ્લા પાંચ વર્ષથી કામ કરતાં યોગેશભાઈ ચંદ્રકાંતભાઈ પાંચાણીએ સાયબર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવાયું હતું કે, રાજકોટ શહેર સંસદીય મતદાર વિભાગના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પુરષોતમ રૂપાલાની રેપ્યુટેશન અને ઇમેજ ખરાબ થાય તે માટે કોઈ શખ્સ દ્વારા શ્રદ્ધાંજલિની પોસ્ટ બનાવી ઇન્સ્ટાગ્રામ આઇડીમાં અપલોડ કરી અને તેને વાયરલ કરી હતી. જયારે આ પોસ્ટને અલગ-અલગ પાંચ આઇડીમાં મૂકવામાં આવી હતી. જેથી તેમની ફરિયાદ પરથી સાયબર પોલીસે ગુનો નોંધી ઇન્સ્ટાગ્રામ આઈડીના માલિકની શોધખોળ શરૂ કરી છે.